# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only





**Vol. 14, Issue. 251, August 2023**

માહિતી અને જ્ઞાન વચ્ચેનો ભેદ શિક્ષકે સમજવો જ રહ્યો. શિક્ષકે માહિતી આપી, બીજા તબક્કામાં જ્ઞાન અને ત્રીજા તબક્કામાં વિદ્યા આપવા માટેનું સામર્થ્ય કેળવવું રહ્યું. માત્ર પગારદાર શિક્ષક જ નહી, પરંતુ આગામી પેઢીને ઘડનારો સમાજનો હું જવાબદાર વ્યકિત છું..... ભાવ તેમણે કેળવવો રહ્યો. શિક્ષણની સુધારણા માટે વ્યકિતની માનસિકતામાં પરિવર્તન લાવવું તે તેની પ્રાથમિક શરત છે. વ્યકિતની માનસિકતા અને શિક્ષણ પ્રત્યે તેના અભિગમમાં પરિવર્તન ન આવે ત્યાં સુધી શિક્ષણને સુધારવાના કોઈ પણ ઉપાયો કારગત નીવડવાના નથી.

– નરેન્દ્ર મોદી

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

### આદર્શ નાગરિક નિમાર્ણ માટે શિક્ષણ

દરેક રાષ્ટ્રનું પોતાનું જનમાનસ, રાષ્ટ્રમાં વસતા સમાજનું જીવનલક્ષ્ય અને આદર્શોનું નિયમન કરે છે અને એ આદર્શો પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે, દરેક રાષ્ટ્રના દર્શન પર આધારિત તે દેશનું શિક્ષણદર્શન હોય છે. જે–તે દેશની રાષ્ટ્રીય ચેતના, સંસ્કૃતિ અને પરંપરાઓને વ્યકત કરે છે.

કોઈ પણ દેશની સંસ્કૃતિનાં ઘટક ત્રણ પ્રધાન તત્વો છે, તે સહું જાણે જ છે. એક ઈતિહાસ, બે જ્ઞાન અને ત્રણ કળા. આ ત્રણ તત્વો દ્વારા તે દેશનો, પ્રજાનો કે સભ્યતાનો પરિચય પ્રાપ્ત છે. ઈતિહાસ પ્રજાનાં આચરણ દ્વારા ઘડાય છે. જ્ઞાન શિક્ષણપદ્ધતિ દ્વારા આકાર લે છે અને કળાનો વારસો સૌંદર્યરુચિ દ્વારા પરખાય છે.

ભારતીય સંસ્કૃતિ આ ત્રણે તત્વોથી સમૃદ્ધ છે, તે સહું જાણે જ છે. ઈતિહાસ અને કળા–વારસો ઉડીને આંખે વળગે છે. સમયે–સમયે તે દેખાતો રહે છે. ઈતિહાસ નાયકો વિષે લખાય છે, તેનું ચિત્રણ થાય છે. કળા–વારસો પણ વિભિન્ન પ્રસાર માધ્યમો દ્વારા નજરે ચઢતો રહે છે. આ બંને તત્વોની સરખામણીમાં જ્ઞાનવારસો પ્રચલિત નથી. કદાચ તે અમૂર્ત છે તેટલા માટે પણ હોય અથવા છેલ્લા દોઢસો વરસમાં બદલાયેલી વિચારપદ્ધતિને કારણે પણ હોય. તેમાં ભારતના જ્ઞાનવારસા વિષે વિમર્શ કરવામાં આવ્યો છે.

ભૌતિકતાની બોલબાલા, ભોગપરાયણ જીવન, નાણાં જ આર્થિક બાબતો જ માપદંડ છે, સત્તા માટે સંઘર્ષ એ આજના શિક્ષણનો પરિપાક છે. શિક્ષણની અવધારણા જ આર્થિક બની ગઈ છે, પરિણામે આર્થિક અસમાનતા, સામાજિક વિષમતા, ભ્રષ્ટાચાર, દુરાચાર, અનાચાર, પાપાચાર, પર્યાવરણ વિનાશ જેવાં દુષ્પરિણામો ભારતવર્ષની આઝાદી પછીના વર્ષની રાજકીય સ્વાધીનતાના કાળમાં વધું વિકરાળ બન્યાં છે. ગરીબી , બેકારી, સ્ત્રી–અવહેલના, ગામ દારિદ્રા, નિરક્ષરતા, શારીરિક–માનસિકસ્થિતિ યુવા સમુદાયને આજના શિક્ષણનું બિહામણું ચિત્ર છે.

આજના શિક્ષણમાં મૂલ્યનિષ્ઠા, વિદ્યા માટે પ્રીતિ, જ્ઞાનપ્રાપ્તિનું સામર્થ્ય, સંસ્કારો માટે પ્રેમ, સાદાઈનું ગૌરવ–આ બધાં તત્વોનું સતત ધોવાણ થતું રહ્યું છે. સુદ્રઢ સમાજ વ્યવસ્થા માટે શિક્ષણનું અધિષ્ઠાન આધ્યાત્મિક હોવું જોઈએ. શિક્ષણ મનુષ્યને ઘડનાર, સંસ્કારી બનાવનાર, ધર્મ, સંસ્કૃતિ, પરંપરાનું જ્ઞાન આપનાર હોવું જોઈએ. શિક્ષણ વ્યકિતત્વનો પૂર્ણ વિકાસ પામનાર, સત્યનો સાક્ષાત્કાર કરાવનારું હોવું જોઈએ. શિક્ષણ પ્રત્યેક જીવ સાથે સંવાદિતાની સ્થાપના કરાવનારું હોવું જોઈએ. શિક્ષણ રાષ્ટ્રીય ચેતના, દેશભકિત, સ્વાભિમાન પ્રગટાવનારું હોવું જોઈએ. શિક્ષણ સ્વત્વ અને આત્મજાગૃતિ કેળવનારું હોવું જોઈએ. શિક્ષણ સમાજની ભલાઈ, ઉત્કર્ષ, વિકાસ અને સામાજિક સમરસતાનું દ્યોતક હોવું જોઈએ.

શિક્ષણ દ્વારા સંસ્કાર ઘડતરની પ્રક્રિયામાં એક તરફ વિચારશીલતા અને બીજી તરફ ભાવનાઓ લાગણીઓ વિકસે એ રીતે વિચારશીલ મનુષ્ય ઊર્ધ્વગામી બને, સત્કર્મના પાયા પર ઊભો રહે, સમષ્ટિભાવ ધારણ કરી, ખુમારી પ્રગટાવી જીવન જીવે તો દયા–કરુણા, સ્નેહ–પ્રેમ, મમતા–વાત્સલ્ય, નિર્ભયતા–ત્યાગ, સેવા–સમર્પણ, સદ્ભાવના અને સહિષ્ણુતા કેળવનાર બને અને આ પ્રકારના શિક્ષણ દ્વારા હૃદયને વિશાળ, મનને શાંત અને ચિત્તને પ્રસન્ન રાખે તે મૂળભૂત ભૂમિકા હોવી જોઈએ.

શિક્ષણએ મનુષ્ય ઘડતર મારફતે રાષ્ટ્ર ઘડતરની પ્રક્રિયા છે. જેવું શિક્ષણ તેવો મનુષ્ય ને જેવો મનુષ્ય તેવો સમાજ કે રાષ્ટ્ર એ એક સર્વસ્વીકૃત સમીકરણ છે. પ્રત્યેક બાળક અનંત સંભાવનાઓ લઈને જન્મે છે. પરંતુ એ બને છે. બરાબર એવું જ–જેવું શિક્ષણ એને મળે છે. આમ, રાષ્ટ્રની અવધારણાનું કાર્ય શિક્ષણ પર નિર્ભર છે. એટલા માટે શિક્ષણ પ્રક્રિયાનું સાતત્ય અનિવાર્ય છે. સાથોસાથ શિક્ષણ દ્વારા પરંપરા અને પ્રગતિ–બંનેનું સમ્યક નિર્વહન થાય એ પણ એટલું જ આવશ્યક છે.

**તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૩**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### મહિલા સુરક્ષા દિવસની ઉજવણી













વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧/૮/૨૦૨૩ મંગળવારના રોજ કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ નારીવંદન ઉત્સવ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નારીવંદન ઉત્સવ કાર્યક્રમમાં મહિલા જાગૃતિકરણ રેલી કારગિલ ચોકથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુધી કાઢવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે મહિલા અને બાળવિકાસ અધિકારી બી.જે.ગામીત, સાર્થક આર્ટ ફાઉન્ડેશનના પ્રમુખશ્રી દિનેશભાઈ રામી, માર્શલ આર્ટસ એકસપર્ટ/મોટીવેશનલ સ્પીકર મુકેશભાઈ રાઠોડ, શ્રી કે.એમ.જોસેફ (ACP), મહિલા સેલ ક્રાઈમ બ્રાન્ચ, સુરત, જીગ્નેશભાઈ ચૌધરી સમાજ સુરક્ષા અધિકારી, સુરત, મહેશભાઈ પરમાર જેન્ડર સ્પેશીયાલીસ્ટ, ડીસ્ટ્રીક મિશન કો–ઓર્ડિનેટર સ્મિતા પટેલ, SHE-ટીમ અને ૧૮૧ મહિલા હેલ્પલાઈન ઉમરા લોકેશન ટીમ જોડાયા હતા. આ કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ.એમ.એન.ગાયકવાડ અને એમ.એસ.ડબ્લ્યુના કો–ઓર્ડિનેટર ડૉ. અરૂણ પંડયા તેમજ અધ્યાપકો, સ્ટાફ તથા એમ.એ. સમાજશાસ્ત્ર અને એમ.એસ.ડબ્લ્યુના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા.

### સ્વરોજગાર મેળો







મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા રાજ્યવ્યાપી ઉજવાય રહેલા 'નારીવંદન ઉત્સવ' અંતર્ગત રોજગાર વિભાગ સુરતના સહયોગથી તૃતીય દિન–મહિલા સ્વાવલંબન દિવસ' નિમિત્તે વેસુ સ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાના અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટીના પ્રાર્થના હોલ ખાતે મહિલાઓ માટે સ્વરોજગાર મેળો યોજાયો હતો. જેમાં રોજગાર વાંછુક ૪૦૦ થી વધારે મહિલાઓએ ભાગ લીધો હતો. જેમા ૮ કંપનીઓની ૨૯૫ ખાલી જગ્યાઓ પર ૧૬૭ મહિલા ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરાય.

બેંક, ડિજિટલ પ્રેસ, માર્કેટિંગ અને મેનેજમેન્ટ સહિતની રોજગારી આપનારી ૮ કંપનીઓની ૨૯૫ ખાલી જગ્યાઓ પર ૧૬૭ મહિલા ઉમેદવારોએ પ્રાથમિક પસંદગી મેળવી હતી. આ કાર્યક્રમમાં મહિલાઓને સ્વાવલંબી બનવા પ્રોત્સાહિત કરતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડાએ જણાવ્યું હતું કે, આજના આધુનિક યુગમાં અવનવા ઉદ્યોગો સાથે રોજગારીની પુષ્કળ તકો ઉપલબ્ધ થાય છે. જેનો લાભ લઈ મહિલાઓને આગળ વધવા અને આર્થિક આત્મનિર્ભરતા કેળવવાનો તેમણે અનુરોધ કર્યો હતો. સાથે જ કુલપતિશ્રીએ નવી શિક્ષણ નીતિની ઊંડાણપૂર્વક સમજ આપી ૧૨ વર્ષની ઉંમર બાદ વિવિધ ક્ષેત્રે થતા સર્ટિફિકેટ કોર્ષ વિશે માહિતી આપી હતી. આ કોર્ષ મારફતે મહિલાઓને મનગમતા વિષયોમાં જ્ઞાન મેળવી વ્યાવસાયિક ક્ષેત્રે તેનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ વીર નર્મદ યુનિવર્સિટી ખાતે કાર્યરત ૫૦૦ થી વધારે સર્ટિફિકેટ કોર્સ વિશે પણ વિગતે છણાવટ કરી હતી.

રોજગાર વિભાગના સી.એન.વી.ઇન્સ્પેકટર શ્રીમતી હેત્વી દેસાઈએ યુગયુગાંતરથી સમાજના વિવિધ ક્ષેત્રે પોતાનાં યોગદાનથી દેશ અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વનો ફાળો આપતી ગૌરવશાળી મહિલાઓની વાત કરી હતી. તેમણે ભારતીય પરંપરા અને તેની વિશેષતાઓ સમજાવી ભારતીય મહિલાઓની વિદેશી મહિલાઓ સાથે સરખામણી નહિં કરવા તેમજ પોતાની પરંપરાને અનુસરી આગળ વધવાનો અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદના સાર્થક આર્ટ ફાઉન્ડેશન દ્વારા મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત આવતી યોજનાઓ વિષે જ્ઞાન આપી ગમ્મત કરાવતું નાટક રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજનાના, નાના ઉદ્યોગોને સહાય કરતી મહિલા અધિકારીતા યોજના, પ્રધાન મંત્રી ફ્રી સિલાઈ મશીન સહિતની યોજનાઓ અને રોજગાર કચેરીની અનુબંધમ એપ્લિકેશનની માહિતી પણ આપી હતી. સાથે જ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા દ્વારા યુનિવર્સિટીના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. અંતમાં મહિલા અને બાળવિકાસ અધિકારી બી.જે.ગામીતે મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપી હતી.

આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, દહેજ પ્રતિબંધિત સહરક્ષણ અધિકારીશ્રી ડી.પી.વસાવા, મહિલા અને બાળવિકાસના ડિસ્ટ્રિક્ટ મિશન કો–ઓર્ડિનેટરશ્રી સ્મિતાબેન પટેલ, જેન્ડર નિષ્ણાંતશ્રી મહેશભાઈ પરમાર, મહિલા અને બાળવિકાસ વિભાગના અધિકારી/કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મેગા વૃક્ષારોપણ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, ગાયત્રી પરિવાર અને ગ્રો નેટીવ ગ્રીન ફોરમના સંયુકત ઉપક્રમે તા. ૦૬–૦૮–૨૦૨૩ના રોજ ગ્રીન કેમ્પસના પ્રકલ્પ હેઠળ યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે મેયરશ્રી હેમાલીબેન બોધવાલા, કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારી, એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર અને યુવક અને કલ્યાણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર, ગ્રો નેટીવ ગ્રીન ફોરમના સભ્યશ્રીઓ, ગાયત્રી પરિવારના સભ્યશ્રીઓ, શીતકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યશ્રીઓ તથા ભારત વિકાસ પરિષદ, સુર્યનગરીના સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સૌ મહેમાનોનું પુસ્તક અને ગાયત્રી પરિવાર વતી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. અલગ–અલગ પ્રકારના ૧૦૦૦ કરતા વધારે વૃક્ષો ખૂબ ઉત્સાહથી વાવવામાં આવ્યા. પર્યાવરણની જાળવણી કરવી એ આપણી જવાબદારી છે અને એ માટે જ યુનિવર્સિટી સતત વૃક્ષારોપણ કરીને, તેને લોકો માટે એક સુટેવ બનાવે છે કે આપણે સતત વૃક્ષોનું રોપણ કરીને તેનું જતન કરીએ. વૃક્ષો આપણા માટે સુખાકારી, ફળદાયી અને આરોગ્યદાયી છે. આ કાર્યક્રમનું સમાપન ગરબા દ્વારા કરવામાં આવ્યું હતું.













## IAS/IPS ટ્રેનીગ સેન્ટર ખાતે UPSC/GPSCની તૈયારી અંગે માર્ગદર્શન સેમિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ IAS/IPS ટ્રેનીગ સેન્ટર ખાતે તા. ૦૫/૦૮/૨૦૨૩ નાં રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓના મોટીવેશન તથા પરિક્ષાના માર્ગદર્શનના ભાગરૂપે સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સુરતનાં DCP અધિકારી ભકિત ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીને પદ્ધતિસરની માહિતી આપી હતી. તેમાણે જણાવ્યું હતું કે, સામાન્ય બુદ્ધિમતા ધરાવનાર વિદ્યાર્થી પણ પરીક્ષા પાસ કરી શકે છે. તેમણે વિદ્યાર્થી સમક્ષ તેમના અભ્યાસ દરમિયાનના અનુભવો પણ વ્યકત કર્યા હતા. આ ઉપરાંત તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના IAS/IPS ટ્રેનીગસેન્ટર પર UPSC અને GPSCના વર્ગો ચાલતા હોવા બદલ યુનિવર્સિટી તથા સેન્ટરને અભિનંદન પાઠવ્યા હતા. આ સેમિનારમાં IAS/IPS ટ્રેનીગસેન્ટરના તમામ વિદ્યાર્થીઓ તથા કર્મચારીગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો.











## ક્રીડા ગોષ્ઠી કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના NSS અને સ્પોર્ટ્સ વિભાગના સંયુકત ઉપક્રમે તા. ૦૩/૦૮/૨૦૨૩ના રોજ અંગ્રેજી વિભાગના સેમિનારો હોલ ખાતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં ક્રિડા ગોષ્ઠીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજનની શુભ શરૂઆત દીપ પ્રાગટય દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, રમેશભાઈ પ્રજાપતિજી, મિલિન્દ ડાંગેજી, પ્રસાદજી મહાનકાર તેમજ ડાયસ પર બિરાજમાન મહેમાનો દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત એન.એસ.એસ. વિભાગના તેમજ સ્પોટ્ર્સ કન્વીનર ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. આ ક્રિડા ગોષ્ઠી કાર્યક્રમનો મુખ્ય હેતુ રમત ગમતના વિદ્યાર્થીઓ માટે વ્યાયામ અને તંદુરસ્ત જીવન બને તે માટેનો હતો. મિલિન્દ ડાંગેજી રાષ્ટ્રીય કોસા સાધ્યક્ષ પોતાના વકતવ્યમાં તેઓએ ક્રીડા ભરતીની સ્થાપનાથી લઈ માહિતી પૂરી પાડવામાં આવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, દેશમાં ૨૦૩૬ ઓલિમ્પિક યોજાનાર છે. તેને ધ્યાનમાં રાખી આપણી યુનિવર્સિટીના પણ વિદ્યાર્થીઓ ભાગ લઈ યુનિવર્સિટી માતા પિતા તેમજ દેશનું નામ રોશન કરે તેને ધ્યાનમાં રાખી તૈયારી કરવાનું જણાવ્યું હતું. મુખ્ય વક્તા પ્રસાદજી મહાનકરજી રાષ્ટ્રીય સંગઠન મંત્રી દ્વારા ક્રિડા ભારતી પરની ગોષ્ઠી કાર્યક્રમમાં તેની સ્થાપના ૧૯૯૨થી લઈ આજ દિન સુધી સમગ્ર ભારત દેશમાં રાજ્ય અને શહેરોમાં આ કાર્ય ચાલી રહ્યું છે એમ જણાવ્યું હતું. સાથે સાથે આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના સ્પોર્ટસ વિભાગના કો–ઓર્ડિનેટર તરીકે ડૉ. પ્રકાશચંદ્રની નિમણૂક પત્ર પણ એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન જર્નાલિઝમ વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે બિરાજમાન મહેમાનો તેમજ વિવિધ કોલેજોમાંથી આવેલા સ્પર્શના વિદ્યાર્થીઓ અને કોચ ભેગા મળીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.










## જોબફેરનું આયોજન

તા. ૧૦/૦૮/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સુરત અને મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સુરતના સંયુકત ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે જોબફેરનું આયોજન થયું. આ રોજગાર ભરતીમાં યુનિવર્સિટી પ્લેસમેન્ટ ઓફિસરશ્રી દર્શનભાઈ પુરોહિત, રોજગાર કચેરીમાંથી કરિયર કાઉન્સિલરશ્રી ચાંદની દેસાઈ, રોજગાર કચેરીના પ્લેસમેન્ટ ઓફિસરશ્રી નીતેશ ત્રિપાઠી, કાઉન્સિલર કમ પ્લેસમેન્ટ ઓફિસરશ્રી હનોખ ગામીત અને રાજહંસ દેસાઈ–જૈન ગ્રુપના એચ.આર.હેડ દિલીપભાઈ ભંડારી તથા તેમની ટીમ હાજર રહી હતી. આ ભરતી મેળામાં રાજહંસ દેસાઈ–જૈન ગ્રુપ દ્વારા સિવિલ એન્જીન્યરીગ, સુપરવાઈઝર તથા ઓપરેશન એસોસિએટ માટે કુલ ખાલી જગ્યા (૮૫) થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ લીધા, જેમાં સુરત જિલ્લાના બી.ઈ./બી.ટેક સિવિલ અભ્યાસ કરેલ (૫૧૦) ઉમેદવારોએ આ ભરતી મેળા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ. જેમાંથી (૨૭૧) ઉમેદવારોએ ઈન્ટરવ્યૂ આપેલ, જે પૈકી (૬૮) ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવેલ છે. આગામી દિવસો દરમિયાન વિવિધ સૅક્ટર સાથે ખાસ ભરતી મેળાનું આયોજન થનાર છે.







## આર્ટ ગેલેરી પર લિથોગ્રાફી પ્રિન્ટના પ્રદર્શનનું ઉદ્ઘાટન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બેચલર ઓફ ફાઈન આર્ટસના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ પટેલ અને કિનલ આર. પટેલે કર્યો નવો પ્રયાસ. વડોદરા લઈ જઈ લાઈમસ્ટોન પર ચિત્રણ કરી પૌરાણિક લિથોગ્રાફી છાપની રીત શીખી. લાઈમસ્ટોન એક ખાસ પ્રકારનો પથ્થર છે જે ઓઇલને શોષી લે છે, જેથી તેના ઉપર ઓઇલવાળા માધ્યમથી કામ કરી તેની પ્રિન્ટ લેવામાં આવે છે. તારીખ ૧૪ જુલાઈ ૨૦૨૩ના રોજ રામચન્દ્ર તુલસીયાન આર્ટ ગેલેરી પર લિથોગ્રાફી પ્રિન્ટ પ્રદર્શનનું ઉદ્ઘાટન કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કિનલ આર પટેલે લિથોગ્રાફી પર રજૂઆત કરી હતી.

આ લિથોગ્રાફ એ અનંત વાદળોના સંગમનું નિરૂપણ કરે છે, જે વિશિષ્ટ તત્વોના જોડાણનું પ્રતીક છે. નીચલા સ્તરમાંથી ઉભરીને, એક વૃક્ષ વૃદ્ધિ અને સ્થિતિસ્થાપકતાને મૂર્ત બનાવે છે. "હું કુદરતી વિશ્વમાં પરસ્પર જોડાણ, વૃદ્ધિ અને સહઅસ્તિત્વની સુંદરતાની થીમ્સનું અન્વેષણ કરું છું."

–મયંક શર્મા

હું કુદરતમાંથી પ્રેરણા લઉં છું અને મારા પ્રેક્ટિસ દરમિયાન મારી લાગણીઓને પકડવાનો પ્રયાસ કરું છું. કુદરત આપણી સાથે પોતાની રીતે વાત કરે છે. તે આપણી ચેતનાના સ્તર પર નિર્ભર કરે છે કે આપણે કેટલું લઈ શકીએ છીએ. ઘણાં સ્તરો મળી શકે છે અને જોઈ શકાય છે, જે વ્યક્તિના મનની અંદર રહેલી લાગણીઓને પણ બતાવી શકે છે અને આ સ્તરો આપણને સભાનપણે અથવા અજાગૃતપણે જાણી શકાય છે કારણકે તે અલગ છે. વ્યક્તિથી વ્યક્તિ સુધી. અહીંનું વૃક્ષ મારું અથવા તમે (દર્શક)નું પ્રતિનિધિત્વ કરી શકે છે જે દિવસ પસાર થાય છે તેમ અંદર સંગ્રહિત થતી લાગણીને વ્યક્ત કરવા અથવા દબાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

–પૂનમ વ્યાસ.















## યોગ અંગે નિર્દેશન અને વ્યાખ્યાનનો કાર્યક્રમનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૧૭/૦૯/૨૦૨૩ના રોજ યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા યોગ અને નિર્દેશન અને વ્યાખ્યાનનો કાર્યક્રમ કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે બપોરે ૨:૦૦ કલાકે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. શ્રી પ્રકાશચંદ્રજીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. યોગ અને નિર્દેશન અને વ્યાખ્યાનના મુખ્ય વકતાશ્રી યોગગુરુ શંભુ શરણ ઝા કે જેઓ સામ્વેત ટ્રસ્ટ અને યોગ શાળા, મુંબઈ આવેલ હતા. શ્રી બાલુ દાદા તથા વિભાગના અધ્યાપકશ્રીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી શંભુ શરણ ઝા દ્વારા યોગ અને તેની પ્રણાલી વિશે માહિતી આપવામાં આવી હતી. આજના યુગમાં યોગનું મહત્ત્વ આપણા જીવનમાં શું છે તે જણાવ્યું હતું અને યોગ પણ કરાવ્યા હતા.















## ઇનોવેશન, સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રેન્યોરશીપ ફોર ઈમર્જિંગ ભારત" અંગે સેમીનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના સેમિનાર હોલ ખાતે તા. ૧૯–૮–૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સવિસ્કાર ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "ઇનોવેશા, સ્ટાર્ટઅપ અને એન્ટરપ્રેન્યોરશીપ ફોર ઈમર્જિંગ ભારત" અંગે સેમિનારનું આયોજન થયું હતું. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ડૉ. રમેશદાન સી. ગઢવી, શ્રી.એમ.કે.લાડાણી, જનરલ મેનેજર–ડિસ્ટ્રિકટ ઇન્ડસ્ટ્રિઝ સેન્ટર, સુરત અને મુખ્ય અતિથિ ડૉ. સ્નેહલ પટેલ, CEO–ભંડેરી લેબ ગ્રોન ડાયમંડસ અને કૌશલ્ય સ્કિલ યુનિવર્સિટીના ડાયરેકટરશ્રી જીગ્નેશભાઈ ટાપરીયાની પ્રેરક ઉપસ્થિતિ હતી. આ સેમિનારમાં ગુજરાત રાજ્યના અલગ અલગ શહેરોમાંથી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સવિસ્કાર દ્વારા સેમિનાર, વિચાર મંથન, વર્કશોપ, ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ, સ્ટાર્ટઅપ ઇન્ટરશિપ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ શરૂ કરવા પ્રેરણા આપવા, નવી રોજગારીનું સર્જન કરવા, વિદ્યાર્થીઓમાં 'નોકરી માંગનાર નહી, નોકરી આપનાર' બનવાની ઇચ્છાશકિતનું સર્જન કરવાની શરૂઆત કરવાનો હતો. મુખ્ય વકતા ડૉ. સ્નેહલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ અને ઇનોવેશન માટે તેમના અનુભવોથી ખૂબ જ વિસ્તૃત માહિતી દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા અને નવીનતાને સફળતામાં બદલવાની કળા વિશે અમૂલ્ય આંતરદૃષ્ટિ શેર કરી હતી. શ્રી.એમ.કે.લાડાણી દ્વારા

સરકારશ્રી દ્વારા સ્ટાર્ટઅપ અને ઉદ્યમિતા માટેની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. આ સેમિનારમાં આકર્ષક સ્ટાર્ટઅપ પેનલ ડિસ્કશન હતું. જેમાં, વાણી વિથ અડવાણીના શ્રી મનોજ અડવાણી, એલ્પીનોના ફાઉંડર શ્રી ચેતન કાનાણી, બેબી બર્પના ફાઉન્ડર શ્રી શ્રુતિ તિબ્રેવાલ તથા બેબી બર્પના ફાઉન્ડર શ્રી ભરત તિબ્રેવાલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ તેમની પેનલ ડિસ્કશનમાં તેમના અનુભવો શેર કર્યા અને કઈ રીતે તેમણે સ્ટાર્ટઅપ શરૂ કર્યું, કઈ રીતે નાણાની વ્યવસ્થા અને ગોઠવણ કરી તેની માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપને લગતા વિવિધ પ્રશ્નોના જવાબો આપ્યા હતા.












## પ્રાદેશિક રોજગાર સર્જન કેન્દ્રનું ઉદઘાટન તથા વર્તમાન સમયમાં સ્વાવલંબનની જરૂરિયાતો પર ચર્ચા યોજાઈ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ અને સ્વદેશી જાગરણ મંચ, સુરત દ્વારા આજે તા. ૨૧/૦૮/૨૦૨૩ ના રોજ 'વિશ્વ ઉદ્યમિતા દિવસના ઉપલક્ષમાં વર્તમાન સમયમાં સ્વાવલંબનની આવશ્યકતા' વિષય પર યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં સવારે ૧૧:૦૦ કલાકે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની તમામ કોલેજો, યુનિવર્સિટીઓ તથા સ્કૂલોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આશરે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી ૫૫૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ તથા ૧૪૫૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ કાર્યક્રમ નિહાળ્યો હતો અને ૫૦૦૦થી વધુ સંસ્થાઓ કાર્યક્રમમાં સહભાગી બની હતી. સમગ્ર કાર્યક્રમની અધ્યક્ષતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ કરી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવી તથા સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ, એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. પ્રકાશચંદ્રજી હાજર રહ્યા હતા. જ્યારે મુખ્ય વકતા હતા શ્રી કાશ્મીરી લાલજી.

કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. જેમાં ગાયત્રી મંત્રના ઉચ્ચારણ સાથે ભારત માતાને પુષ્પોનું અર્પણ કરવામાં આવ્યું હતું. તેમાં તમામ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટય બાદ મહેમાનોનું મોમેન્ટો અને પુસ્તકો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનોના સ્વાગત બાદ યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા આમંત્રિત મહેમાનોને શાબ્દિક આવકાર આપવામાં આવ્યો હતો. 'વિશ્વ ઉદ્યમિતા દિવસ' પર સ્વદેશી જાગરણ મંચના સમન્વયક શ્રી પરાગ શાહ દ્વારા યુનિવર્સિટી અને કોલેજોના વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનવા માટે વકતવ્ય આપવામાં આવ્યું હતું. તેમણે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, ૧૫ વર્ષથી લઈને ૩૯ વર્ષ સુધીના યુવાનોની સંખ્યા વિશ્વમાં સૌથી વધારે ભારત દેશમાં છે. તેમને ઉદ્યોગો અને ઔદ્યોગિકતાને પ્રોત્સાહન મળે તે હેતુથી આ દિવસનું આયોજન કરવામાં આવે છે તેમ જણાવ્યું હતું. તેમના અનુસાર પંદરમી સદીમાં ભારત આર્થિક રૂપે આખા વિશ્વમાં સૌથી વધારે જીડીપી ૩૨% ધરાવતો દેશ હતો. અંગ્રેજોના આગમન બાદ ભારતની આર્થિક પડતી થઈ હતી. તેમણે જણાવ્યુ કે, ૩૯ કરોડ યુવાનોથી ભરેલો દેશ હોવા છતાં

પણ ભારત દેશના યુવાનો હતાશ રહે છે તેનું કારણ રોજગારી એટલે કે ફક્ત સરકારી નોકરી. આ વિચારમાંથી આપણે મુક્ત થવું પડશે અને સ્વાવલંબન તરફ આગળ વધવું પડશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો દરેકને કામ મળતું થશે તો દેશ આપોઆપ સમૃદ્ધ થશે. તેમણે સ્વાવલંબન અંતર્ગત જે તે વિસ્તારની સ્થાનિકતા મુજબ રોજગાર ઉભો કરવાની વાત કરી હતી. કાર્યક્રમમાં વિષયને અનુરૂપ ગુજરાત રાજ્યના મંત્રીશ્રી અનુક્રમે કુબેરભાઈ ડીંડોર , પ્રફુલભાઈ પાનશેરિયા અને ઋષિકેશભાઈ પટેલે પોતાના વકતવ્યમાં વિદ્યાર્થીઓને પોત્સાહિત કરી તેમનો જુસ્સો વધાર્યો હતો. રાજ્યના પ્રાથમિક શિક્ષણ અને જનજાતિ વિભાગના મંત્રીશ્રી કુબેરભાઈ વિશ્વ ઉદ્યમિતા દિવસના અવસરે ઉદબોધન કર્યું હતું. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારત સૂત્રને સાર્થક કરવા માટે સ્વદેશી જાગરણ મંચ જેવી સંસ્થાઓએ આગળ આવવું પડશે. તેમણે પોતાના વકતવ્યમાં આગળ જણાવ્યું હતું કે સ્વાવલંબનનું સપનું યુવાનો આત્મનિર્ભર બને ત્યારે જ સિદ્ધ થશે. તેમણે જણાવ્યું હતું કે યુવાનોને સરકારી નોકરી જોઈએ છે. જે તમામને માટે શકય નથી. વ્યવસાયલક્ષી શિક્ષણ મળે તેવા પ્રયત્નો કરવા જોઈએ. સ્વાવલંબી બને તેવા પ્રયત્નો કરવા જોઈએ.રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ વિષયને અનુરૂપ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સન્માનજનક જિંદગી અને રોજગારી મળે તેવા પ્રયત્નો સરકારશ્રી દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેમને આગળ જણાવ્યું હતું કે સમાજમાં આર્થિક સંતુલન લાવવું શાંતિ માટે જરૂરી છે.તેમને ખાદી પહેરવા, ખરીદવા અને તેની પાછળ કેટલા બધા લોકોને ફાયદો થાય છે તે વિશે વિગતે વાત કરી હતી. તેમણે જાડા અનાજનો રોજિંદા ખોરાકમાં ઉપયોગ કરવાની અને તે માટે કેન્દ્ર–રાજ્ય સરકારના પ્રયાસોની વાત કરી હતી. તેમણે મશીનરીની જગ્યાએ હસ્ત ઉદ્યોગોને પ્રોત્સાહન આપી સ્વાવલંબી બનવાની વાત કરી હતી. ગુજરાત રાજ્ય સરકારના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે તેમના ઓનલાઈન વકતવ્યમાં જણાવ્યું હતું કે, ૨૦૩૬ સુધીમાં આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કરવાના કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસો ચાલુ છે. તેમણે દરેક વિદ્યાર્થીને પ્રતિભાશાળી બનાવી તેમનો સ્વાવલંબનનો માર્ગ પ્રશસ્ત કરવાની વાત કરી હતી.તેમણે ભણવા સાથે અર્થોપાર્જનની વાત પર ભાર મૂકયો હતો. તેમણે જણાવ્યું હતું કે, સમાજમાં ૮૫% ઉપરાંત લોકો સ્વાવલંબી હોય છે. તેમણે પોતાના પ્રવચનના અંતમાં જણાવ્યું હતું કે સ્વાવલંબી ઈકોનોમી થકી સ્વાવલંબન પ્રાપ્ત કરી શકાશે. કાર્યક્રમમાં યુનિવર્સિટીના ત્રણ પૂર્વ વિદ્યાર્થીઓ ઋતુલ મેઢપરા, દિવ્યા પટેલ, બ્રિજેશ ટેકરાવાળા અને ફાઝીલભાઈ એહમદભાઈ નવઉદ્યોગ સાહસિકતા અંતર્ગત સન્માનિત કરવામાં આવ્યા હતા. સુરત વિસ્તારમાં આઠ જિલ્લાઓ અને ૧૦૮ કોલેજોમાં ક્ષેત્રિય રોજગાર કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સ્વાવલંબી ભારત અભિયાન, સ્વદેશી જાગરણ મંચ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ સ્વાવલંબન અભિયાન માટે MoU કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ૩૦૦ વર્ષ પહેલાં ભારત સોને કી ચિડિયા હતું. તેમણે જણાવ્યું હતું કે પ્રાચીન ભારત હજારો વર્ષ જૂની સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. વર્તમાન સમયમાં જે ટેકનોલોજી જોવા મળે છે તે પ્રાચીન ભારતમાં અસ્તિત્વમાં હતી. વર્તમાન સરકાર આપણી પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરવાનું કામ કરી રહી છે. તેમના અનુસાર જો આપણે ભારતના અર્થતંત્રને પાંચ ટ્રીલીયન ડોલરનું બનાવવું હશે તો સ્વાવલંબન અપનાવવું પડશે. તેમણે જણાવ્યું હતું કે ૧૨૫ કરોડ લોકોને કૌશલ્યવાન બનાવી ભારતને આત્મનિર્ભર બનાવવું પડશે. આનું નેતૃત્વ યુવાનોએ સંભાળવું પડશે. યુવાનો દ્વારા સ્વાવલંબી બનાવવા પડશે. આ કાર્યક્રમના મુખ્ય વકતા કશ્મીરી લાલજીએ સ્વાવલંબન વિષય પર વાત કરતા પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે ભારતમાં કોઈ યુવાન બેકાર ના રહે તે સ્વાવલંબી ભારત અભિયાનનું લક્ષ્ય છે. ભારતમાં સાત ટકા બેરોજગારી દર છે. ૬ થી ૭ કરોડ લોકો બેકાર છે. તેમણે આગળ બોલતા જણાવ્યું હતુ કે ચીન કરતાં ભારત વસ્તીમાં આગળ નીકળી ગયો છે. તેથી બેરોજગારોને રોજગારી આપવા માટે સ્વાવલંબન અભિયાન અંતર્ગત રોજગારીનું સર્જન યુવાનો કરે તો જ બેરોજગારી ઘટશે. તેમણે ચાર ક્રાંતિઓની વાત કરી હતી. તેમાં ઔદ્યોગિક ક્રાંતિ, ઈલેક્ટ્રીક ક્રાંતિ, કમ્પ્યુટર ક્રાંતિ, ઇન્ટરનેટ ક્રાંતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે યુવાનોને સરકારી નોકરીના ભરોસે ન રહેવા જણાવ્યું હતું. કેમકે તેનું પ્રમાણ સરકારમાં ફક્ત ત્રણ ટકા છે,ઉદ્યોગોમાં તેનું પ્રમાણ ફક્ત ચાર ટકા છે, જ્યારે વિદેશોમાં તેનું પ્રમાણ ૩% છે. આ સ્થિતિમાં બહાર આવવા માટે સ્વાવલંબન તરફ આગળ વધવું પડશે. તેમને ભારતમાં સ્વાવલંબન અંતર્ગત સફળ યુવાનોની નામ સહિત ઉદાહરણો પૂરા પાડયા હતા. આપણે ભાગ્યને ન બદલી શકીએ પરંતુ આદતો બદલીએ તો ભવિષ્ય બદલાઈ જશે તેમ તેમણે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું. તેમણે આગળ જણાવ્યું હતું કે રોજગારી આપનારા બનો, મેળવનાર નહી. પ્રવચનના અંતે નેશન ફર્સ્ટ સ્વદેશી મસ્તનો નારો આપ્યો હતો.






RESERVED




























VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY SURAT











## ૫૪મો ખાસ પદવીદાન સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં કન્વેન્શન હોલમાં વીર કવિ નર્મદની ૧૯૦મી જન્મજયંતી નિમિત્તે યુનિવર્સિટીના ૫૪માં ખાસ પદવીદાન સમારંભનું આયોજન ગુરુવારે સવારે ૧૧ કલાકે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યકક્ષાના મંત્રીશ્રી, સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત સરકારશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી ગિરીશ પ્રભુણે સામાજીક કાર્યકર્તા, ચિંચવાડ, પુણે પદવી સમારંભમાં જોડાયા હતા. તેમજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, પરીક્ષા નિયામકશ્રી અરવિંદભાઈ ધડુક મંચ પર ઉપસ્થિત રહ્યા હતા.

પદવીદાન સમારંભની શરૂઆતમાં ૨૧ ભૂદેવોએ શંખનાદ, વૈદિક મંત્રોચ્ચાર અને ઐતરિય ઉપનિષદના શ્લોકગાન સાથે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ગુરૂકુળ પરંપરાને ઉજાગર કરવામાં આવી હતી. આ ૫૪માં ખાસ પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના ૩૧,૭૪૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં આર્ટસ શાખામાં ૯૫૩૩, બી.એડ. શાખામાં ૭૮૩, વિજ્ઞાન શાખામાં ૪૬૬૬,ટેકાનોલોજી એન્જિનિયરિંગ શાખામાં ૭, કાનુન શાખામાં ૬૫૭, મેડિસિન શાખામાં ૧૩૦, મેનેજમેન્ટ સ્ટડી શાખામાં ૧૬૪, કમ્પ્યૂટર સહિત વિવિધ વિભાગના પ્રોફેસરો અને સાયન્સ શાખામાં ૨૯૨૭ અને આર્કિટેકચર એન્ડ ડિઝાઈનમાં ૧૫ મળીને કુલ ૩૧,૭૪૮ ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત પી.એચડીમાં ૫૯ અને એમ.ફિલમાં ૫ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

આ અંગે શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું હતું કે, જ્ઞાનનો ઉપયોગ સેવાના હેતુ માટે હોવો જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાન અને શ્રમનું મહત્વ આંકવામાં આવ્યું છે. પ્રાચીનકાળમાં ભારતમાં ૭૨૦૦ ગુરુકુળ હતા જ્યારે ઈગ્લેન્ડમાં એક પણ ગુરુકુળ ન હતું. તેમણે ડિગ્રી લીધા બાદ તમામ વિદ્યાર્થીઓએ સમભાવની દષ્ટિ કેળવવાની, વર્તનમાં વિનય કેળવવાની, માતા પિતાની સેવા કરવાની, સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરવાની, ધર્મ અને સત્યનું પાલન કરવાની અને જ્ઞાનીઓને હંમેશા સન્માન આપવાની વાત કરી હતી.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ઉપસ્થિત મહેમાનોને સંસ્કૃતમાં આવકાર આપ્યો હતો અને પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે, નવી શિક્ષણનીતિના અમલીકરણ બાબતે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી રાજ્યમાં પ્રથમક્રમે અને રાષ્ટ્રમાં ચોથા ક્રમે છે જે આપણા સૌ માટે ગૌરવપૂર્ણ બાબત છે. વિશ્વવિદ્યાલયમાં ૬૩૦ જેટલા સ્કિલ્ડ કોર્સ તૈયાર કરવામાં આવ્યા છે તથા દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ, વિશાળ દરિયા કિનારો, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ, મેડીસીન ટ્રાન્સપોર્ટેશન ઇન્ડસ્ટ્રીઝની ખાસિયતો વિશે વાત કરી હતી.

આ અંગે પદ્મશ્રી ગિરીશ પ્રભુણેએ પ્રવચનમાં કહ્યું હતું કે, પદવીગ્રહણ કરનારા વિદ્યાર્થીઓ ભારતને પ્રત્યેક ક્ષેત્રમાં ઝગમગાવી આગળ વધારે એવી ઇચ્છા વ્યક્ત કરું છું. પદવીદાનની ભારતીય પારંપિરક પ્રથા આ વિશ્વવિદ્યાલય દ્વારા પુનઃશરૂ કરવામાં આવી એ બાબતે હર્ષની લાગણી છે. તેમણે પદવીગ્રહણ કરનાર વિદ્યાર્થીઓને ખાસ સલાહ આપી હતી કે ભારતનું પરંપરાગત જ્ઞાન લુપ્ત ન થાય અને તેના પર શોધ કાર્ય થાય એવા પ્રયત્ન કરશો.

પદવીદાન સમારોહની શરૂઆતમાં પરીક્ષા નિયામકશ્રી અરવિંદભાઈ ધડુકે શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ પોતાના પ્રવચનમાં વિશ્વવિદ્યાલયની ઉપલબ્ધિઓ અને પદવીદાન સમારોહની જાણકારી આપી હતી. અતિથિઓનું સ્વાગત ભગવદ્ ગીતા તેમજ વીર કવિ નર્મદની મૂર્તિ આપીને કરવામાં આવ્યું હતું.

આ પદવીદાન સમારોહમાં ૭૧ વર્ષીય અમરિષ રામચંદ્ર ભટ્ટ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. તાજેતરમાં એપ્રિલ–૨૦૨૩માં તેમણે એમ.એ.પોલિટિકલ સાયન્સની અંતિમ પરિક્ષા પાસ કરી હતી. જેમને પદવીદાન સમારોહમાં સન્માન સાથે ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. હાલ તેઓ એમ.એ.હિન્દુ સ્ટડીઝમાં ભણતર મેળવી રહ્યા છે. સમગ્ર પદવીદાન સમારોહમાં ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીઓ દ્વારા 'વીર કવિ નર્મદ' વિષય પર તૈયાર કરાયેલી એક ડોકયુમેન્ટ્રી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના ડીનશ્રીઓ તથા સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓ, કૉલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વૈદિક રાષ્ટ્રગાન સાથે આ પદવીદાન સમારોહનું સમાપન કરવામાં આવ્યું હતું.










VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT















## કવિ નર્મદની ૧૯૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે વકતવ્યનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કવિ નર્મદની ૧૯૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે તા. ૨૨–૮–૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ, નિબંધકાર ડૉ. ભાગ્યેશ જહા જેઓ પૂર્વ કલેકટર, માહિતી નિયામક ગુજરાત સરકાર અને વર્તમાનમાં ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે જવાબદારી  નિભાવી રહ્યા છે, તેમણે વકતવ્યમાં તે વખતના નર્મદના સમાજ સુધારણાના પ્રયાસની વાત કરી તેની સાથે વર્તમાન પ્રવર્તમાન સમાજ સાથે અનુબંધની ચર્ચા કરી હતી. નર્મદની સાહિત્ય સિદ્ધિઓ અને ગુજરાતી ભાષા સાહિત્ય ક્ષેત્રે જે પ્રદાન કર્યું છે તેના વિશે સદૃષ્ટાંત વાત કરી હતી. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, જર્નાલિઝમ વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ભરતભાઈ ઠાકોર, NSS વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર, વિવિધ વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.








## સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. જયંતીભાઈ ચૌધરીની મધ્યપ્રદેશ સરકાર દ્વારા જનજાતિ પુરસ્કારોની પસંદગી સમિતિમાં જ્યુરી મેમ્બર તરીકેની નિયુક્તિ



મધ્યપ્રદેશ સરકાર, આદિજાતિ કલ્યાણ વિભાગના ગેઝેટ તારીખ ૨૯ નવેમ્બર, ૨૦૧૯ આદિવાસી વર્ગના વિવિધ પુરસ્કારો જેમ કે રાણી દુર્ગાવતી સન્માન, વીર શંકરશાહ રઘુનાથશાહ સન્માન, ઠક્કર બાબા સન્માન, જનનાયક તાત્યા ભીલ સન્માન, બાદલ ભોઈ સન્માન અને જનજાતિ સન્માન નિયમો જારી કરવામાં આવ્યા છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. જયંતીભાઈ ચૌધરીની ઠક્કર બાબા સન્માન પુરસ્કારોની પસંદગી સમિતિમાં જ્યુરી મેમ્બર તરીકેની નિયુકિત થઈ છે. જે સમગ્ર યુનિવર્સિટી અને શ્રી મોરારજી દેસાઈ આર્ટસ–કોમર્સ કૉલેજ, બુહારી તથા સમગ્ર આદિજાતિ વિસ્તાર માટે ગૌરવપ્રદ ઘટના છે. ડૉ. જયંતીભાઈ ચૌધરી હાલ શ્રી મોરારજી દેસાઈ આર્ટસ–કોમર્સ કૉલેજ, બુહારીમાં છેલ્લા ૨૦ વર્ષથી આચાર્ય તરીકે કાર્યરત છે. તદુપરાંત તેઓ જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાત અને આદિજાતિ સલાહકાર પરિષદ સદસ્ય તરીકે વિશિષ્ટ પ્રગતિ કરતા રહ્યા છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રીઓ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવાર ડૉ. જયંતીભાઈ ચૌધરીને અભિનંદન પાઠવ્યા હતા.

## Department of Biotechnology

### G20 કાર્યક્રમના ભાગરૂપે આમંત્રિત વકતવ્ય

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા તા. ૩/૮/૨૦૨૩ના રોજ G20 કાર્યક્રમના ભાગરૂપે આમંત્રિત વકતવ્યનું આયોજન કર્યું હતું. આમંત્રિત મહેમાન શ્રીમતી નિતલ દોશી – ડિઝાસ્ટર ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, સુરતના જિલ્લા પ્રોજેકટ ઓફિસર અને ડૉ. નીતિન ડુમસિયા, પ્રમુખ અને સીઈઓ–ગ્રોલિટી, Inc. USA હતા. મહેમાનોની સાથે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા,  કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, બાયોટેકનોલોજી વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ, G20 ઈવેન્ટ કો–ઓર્ડિનેટર ડૉ. રેખા ગઢવી અને

બાયોટેકનોલોજી વિભાગ અને આંકડાશાસ્ત્ર એમ બે વિભાગના ૨૩૦ વિદ્યાર્થીઓ અને તેઓનો સમગ્ર સ્ટાફ આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના ગીત અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી અને ત્યારબાદ આમંત્રિત મહેમાનો, કુલપતિશ્રી અને કુલસચિવશ્રીનું અભિવાદન ગીતાના શ્લોકની નકલ સાથે તુલસીના છોડથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત સ્વાગત પ્રવચન ડૉ. ગૌરવ શાહ દ્વારા આપવામાં આવ્યું હતું ત્યારબાદ કુલસચિવશ્રીએ વિદ્યાર્થીઓને જીવન અંગે થોડા શબ્દો કહ્યા હતા. તદ્ઉપરાંત તેમણે G20નું મહત્ત્વ અને અન્ય સભ્ય દેશોમાં ભારતની ભૂમિકા સમજાવી હતી અને ભારત 'વસુધૈવ કુટુંબકમ'માં માને છે તે વિચારધારા સાથે તેમનું વકતવ્ય સમાપન કર્યુ હતું. છેલ્લે G20 ઈવેન્ટ કો–ઓર્ડિનેટર ડૉ. રેખા ગઢવીની આભારવિધિ સાથે ઉદ્ઘાટન સત્ર સમાપ્ત થયું. જ્યાં તેમણે આ કાર્યક્રમને શકય બનાવવા માટે મહેમાનોની સાથે દરેકનો આભાર માન્યો અને વિદ્યાર્થીઓને ખાતરી આપી કે તેઓ આ કાર્યક્રમના અંતે કેટલીક કુશળતા પ્રાપ્ત કરશે. પ્રથમ સત્રનું વકતવ્ય "અસરકારક આપત્તિ વ્યવસ્થાપન પર જાગૃતિ" વિષય પર શ્રીમતી નીતલ દોશી સાથે શરૂ થયું જ્યાં તેમણે આપત્તિ, તેના પ્રકારો, સલામતીનાં પગલાં વિશે સમજાવ્યું. વધુમાં તક્ષશિલા ફાયર કેસ, બિપરજોય અને ટૌટ ચક્રવાટ જેવી અગાઉની આપત્તિઓ પર તેના બચાવ કામગીરીનો અનુભવ પણ કહ્યો હતો. વકતવ્ય પછી નિલેશ વેજપરા દ્વારા પ્રાયોગિક કૌશલ્ય સત્ર હાથ ધરવામાં આવ્યું હતું, જેમણે આગ દરમિયાન મકાન ખાલી કરવા માટે દોરડા વડે વિવિધ પ્રકારની ગાંઠો બનાવવાનું નિદર્શન કર્યુ હતું.

બીજા સત્રના વકતવ્યમાં ડૉ. નીતિન ડુમસિયા દ્વારા "સંયુકત રાષ્ટ્રોના 17 Sustainable લક્ષ્યાંકો" વિષય પર કરવામાં આવ્યું હતું જ્યાં તેમણે Sustainable રાષ્ટ્ર માટેના દરેક લક્ષ્યના મહત્વની ચર્ચા કરી હતી. બાદમાં તેમણે નીતિ આયોગ રિપોર્ટ ૨૦૨૧ની ચર્ચા કરી અને આ લક્ષ્યાંકોને અમલમાં મૂકવા માટે ગુજરાતના ક્રમ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને આ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ભારત દ્વારા લેવાયેલા પગલાં દર્શાવ્યા. તેમણે ગુજરાત વિશે કેટલીક સિદ્ધિઓ પણ શેર કરી હતી જેમ કે ઉદ્યોગ, ઇનોવેશન અને ઇન્ફ્રાસ્ટ્રકચર કેટેગરીમાં પ્રથમ ક્રમ, ટકાઉ ઉર્જા અને વિકાસ, આબોહવા ક્રિયા અને સ્વચ્છ પાણી અને સ્વચ્છતામાં બીજો ક્રમ. સત્રના અંતે રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મિહિર સારંગ દ્વારા કરવામાં આવ્યું હતું.











## 'ક્લાઈમેટ ચેન્જ' વિષય ઉપર વકતવ્ય

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના બાયોટેકનોલોજી અને રસાયણશાસ્ત્ર વિભાગના એમ સંયુકત રીતે સહભાગી થઈ 'ક્લાઈમેટ ચેન્જ' વિષય ઉપર ૪ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ આમંત્રિત વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આમંત્રિત વકતા Silvia Martin Munoz, Environmental Biotechnologist, મૂળ સ્પેઈનથી હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, બાયોટેકનોલોજી વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ, રસાયણશાસ્ત્ર વિભાગના વડા ડૉ. સૌરભબેન પટેલ, પ્રોજેકટ સુરતના Founder શ્રી આકાશ બંસલ, SIPમાં ઈકો કમાન્ડર નિલય કાકડીયા તથા પશ્ચિમ ક્ષેત્રના પ્રતિનિધિ દેવાંગ ઢોળીયા હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. કાર્યક્રમના વકતા Silvia Martin Munozએ વાતાવરણમાં બદલાવ કઈ કઈ રીતે આવી રહ્યા છે અને તેની અસર કઈ કઈ જગ્યાએ થઈ રહી છે જેવી કે, કોરલનું ધોવાણ, મહાસાગરનું એસિડિફિકેશન, દરિયાની સપાટીમાં વધારો, ધ્રુવો પરથી બરફનું ઓગળવું તથા દરિયાઈ ઘાસનું વિલીનીકરણ કે

જેનાથી માણસ સહિત આખા વિશ્વ પર અસર થાય છે તે અંગે ચર્ચા કરી હતી. અંતમાં, વાતાવરણ પર થતી અસર કઈ રીતે અટકાવી શકાય તથા બાયોટેકનોલોજીની મદદથી કઈ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડી શકાય અને બીજા સાધનો જેવા કે બાયો પ્લાસ્ટિકનો ઉપયોગ કરી શકાય તે અંગે ચર્ચા કરી હતી.

આભારવિધિ વિભાગના કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. ગૌરવ શાહ દ્વારા કરવામાં આવી હતી. અંતમાં, શ્રી આકાશ બંસલ દ્વારા ઉપસ્થિત સૌ કોઈને સુરતમાં ડુમસ કે એની આસપાસના દરિયાઈ વિસ્તારમાં સફાઈ માટેના આમંત્રણ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાયોટેકનોલોજી વિભાગના અધ્યાપક શ્રી ડૉ. મિહિર સારંગ દ્વારા થયું હતું.












## વાર્ષિક મેળાવડા વિપોધા-૨૦૨૩નું આયોજન

બાયોટેકનોલોજી વિભાગના વિદ્યાર્થી પરિષદે ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં વાર્ષિક મેળાવડો ૨૦૨૩-વિપોધાનું આયોજન કર્યુ હતું. મુખ્ય મહેમાન તરીકે મેજર મોયારા – આર્મી ઓફિસર અને બાયોટેકનોલોજી ડિપાર્ટમેન્ટ બેચ ૨૦૧૦, કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ભૌતિકશાસ્ત્ર વિભાગના વડા સભ્ય ડૉ. કે.સી.પોરિયા, વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ તેમજ તમામ શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ અને સ્નાતક/અનુસ્નાતકના વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી ગીત અને 'ગણેશ વંદના'થી કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય બાદ ડૉ. ગૌરવ શાહે તેમના વકતવ્ય સાથે સ્મૃતિચિન્હ અને શાલ ઓઢાડી અતિથિઓનું સ્વાગત કર્યુ હતું. અતિથિ વિશેષ મેજર મયુર મોયારાએ તેમના વકતવ્યમાં તેમણે કેવી રીતે UPSC ક્લિયર કર્યુ અને ભારતીય સૈન્યમાં પસંદગી પામ્યા અને થાર રણમાં તેમણે જે સખત તાલીમનો સામનો કર્યો તે વિશેનો તેમનો અનુભવ કહ્યો. તેઓએ જણાવ્યું કે, તેમને કેવી રીતે ૨૦૧૩માં આર્મીની મિકેનાઈઝડ્ ઇન્ફન્ટ્રી રેજિમેન્ટમાં લેફટનન્ટ તરીકે કમિશન આપવામાં આવ્યું હતું અને ૨૦૧૪માં કાઉન્ટર ટેરરિસ્ટ પીડિત વિસ્તારમાં સેવા આપી હતી. તે પશ્ચિમી સરહદો પર પુલવામા હુમલા પછીના ઓપરેશન 'ઝફરન' સાથે પણ સંકળાયેલા હતા. મેજર મયુર મોયારાએ પુનઃજન્મ થાય અને વિદ્યાર્થીઓને રાષ્ટ્ર અને તેમના સ્વપ્ન તરફ કામ કરવા પ્રેરિત કર્યા તો ફરીથી ભારતીય સેનામાં સેવા કરવાની ઈચ્છા સાથે તેમનું ભાષણ સમાપ્ત કર્યુ. અતિથિ વિશેષ મેજર મયુર મોયારાના અનુભવથી સૌ કોઈ પ્રેરિત થયા અને ગર્વ અનુભવ્યો કે હવે ગુજરાતમાંથી ઘણા યુવાનો ભારતીય સેનામાં જોડાઈ રહ્યા છે.

કવિ નર્મદના માનમાં શ્રી દક્ષ ગુર્જર દ્વારા ઉત્કૃષ્ટ જીવંત ચિત્ર દોરવામાં આવ્યું હતું. વધુમાં આમંત્રિત મહેમાનો, મેજર મયુર મોયારા, ડૉ. કે.એન.ચાવડા, ડૉ. કે.સી.પોરિયાએ શૈક્ષણિક અને વહીવટી સકર્મચારીઓનું અભિવાદન અને ઇનામ વિતરણ કર્યુ હતું. ડૉ.કે.સી.પોરિયાએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે કેવી રીતે તેઓ મેજર મયુર મોયારાના અનુભવથી પ્રેરિત થયા અને ગર્વ અનુભવ્યો.

કુલપતિશ્રીએ કેટલાક શાણપણના શબ્દો કહ્યા, જેમાં તેમણે સહાયક સકર્મચારી પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી હતી કારણકે તેમના વિના આ પ્રકારની પ્રગતિ શકય નથી. તેમજ તેમણે મેજરને તેમના યોગદાન માટે અભિનંદન અને આભાર માન્યો અને બધાએ મેજરને બિરદાવ્યા. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વ્યકિતઓ તરફથી આ પ્રકારનું યોગદાન દેશની પ્રગતિમાં ખૂબજ મદદરૂપ થશે.

અંતે વિદ્યાર્થી પરિષદના પ્રતિનિધિ શ્રી ધ્રુવ ચાવડાએ સ્વયંસેવકો, શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સહિત તમામનો કાર્યક્રમને સફળ બનાવવા માટે આભાર માન્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જેસન થેકનલ (B.Sc.Biotech Sem-5) અને કુ. ધનસ્વી દેસાઈ (B.Sc. Microbiology Sem-5) દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમ રાષ્ટ્રગીત સાથે સમાપ્ત થયો હતો.




VEER NARMAD




VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT
EMBRACE THE EUPHORIA




EMBRACE THE EUPHORIA
BIGGIES BURGER




EMBRACE THE EUPHORIA





## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સાથ સહકારથી તા.૨૬ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ત્રીજી વખત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતું. સંમેલનમાં વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના અધ્યક્ષ, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંયોજક ડૉ. મયુરી રાઠોડ, ગેસ્ટ ઓફ ઓનર મેજર મયુર મોયારા, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના સભ્યો, તમામ શિક્ષકો અને ૧૦૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. ડૉ. મયુરી રાઠોડે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને શાબ્દિક આવકાર્યા તથા તેમના વકતવ્ય દરમિયાન તેમણે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન બનાવવાની જરૂરિયાત અને એ અંગેના લાભો સમજાવ્યા. ઉપરાંત, અગાઉની સંગઠનનો અનુભવ તથા વિભાગની સિદ્ધિઓ સંક્ષિપ્તમાં રજૂ કરી હતી. તાજેતરમાં ભણતાં વિદ્યાર્થીઓની સુધારણા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસે પહેલો દર્શાવી હતી. ડૉ. ગૌરવ શાહે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિભાગની પ્રગતિ માટે સૂચનો આપવા પ્રેરણાત્મક ચર્ચા કરી હતી. અંતમાં, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની હાજરી અને વિભાગ પ્રત્યેના અમૂલ્ય યોગદાન બદલ આભાર માનીને સંગઠન છૂટું પડયું હતું.










## Department of Bioscience

### ફ્રેશર પાર્ટીનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગ ખાતે તા.૪/૮/૨૦૨૩ના રોજ ફ્રેશર પાર્ટીનું આયોજન વિભાગના વડાશ્રી ડૉ. કૈલાશ પી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા ગણિતશાસ્ત્ર વિભાગનાં વડાશ્રી ડૉ. દિલીપ જોશી હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા બાયોસાયન્સ વિભાગના તમામ અધ્યાપકોને ફૂલોથી વધામણી કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને જીવન જીવવાની કળા અને અભ્યાસને લગતી મહત્વપુર્ણ બાબતોથી સંબોધવામાં આવ્યાં હતાં અને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.





















## Department of Business & Industrial Management

### હેલ્થ અને વેલનેસ અને ડ્રગ્સ વિરોધી જાગૃતિ કાર્યક્રમ






સેન્ટ્રલ જી.એસ.ટી.સુરત કમિશનર કચેરી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટીના મેનેજમેન્ટ વિભાગ ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઇન્ડ્રસ્ટ્રિયલ મેનેજમેન્ટ, સુરત ખાતે તા. ૯/૮/૨૦૨૩ના રોજ હેલ્થ અને વેલનેસ અને ડ્રગ્સ વિરોધી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના મુખ્ય મહેમાન પદે કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી પંકજકુમાર કમિશનર સેંન્ટ્રલ ગૂડસ એન્ડ સર્વિસ ટેકસ, સુરત હાજર રહ્યા હતા. ઉપરાંત ૮૦ જેટલા વિદ્યાર્થીઓ અને અધિકારો તેમજ ફેકલ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં કુલપતિશ્રી કે.એન.ચાવડાએ તેમના ઉદબોધનમાં મહિલા સશકિતકરણ અને આજના યૂથને કેવી રીતે આગળ લાવી શકાય અને રાષ્ટ્ર નિર્માણમાં યૂથની ચાવીરૂપ મુદ્દાઓ ઉપર ભાર મૂકયો હતો. તેમજ દક્ષિણ ગુજરાતના વિકાસને ધ્યાનમાં લઈને તેઓએ તેમના મંતવ્યો અને સૂચનો રજૂ કર્યા હતા અને તેમના ઉદબોધનમાં મહિલા સશકિતકરણ અને યુથને રાષ્ટ્ર નિર્માણમાં જોડવાના અભિગમ તરફ રહ્યો હતો.

શ્રી પંકજકુમાર, કમિશ્નર CGST, સુરત દ્વારા તેમના ૨૫ વર્ષના કાર્યકાળના અનુભવો અને યુથને જિંદગી કેવી રીતે જીવી શકાય અને ટેકનોલોજી તેમજ લાઈફ બેલન્સ પર વકતવ્ય આપ્યું હતું. શ્રી જિગ્નેશભાઈ બારોટ કે જેઓ આર્ટ ઓફ લિવિંગના ઈન્સ્ટ્રકચર છે તેમણે મેડિટેશન અને યોગનો રોજિંદા જીવનમાં હેલ્થ અને વેલનેસમાં કેવી રીતે ઉપયોગી થઈ શકે તેનું માર્ગદર્શન પૂરું પાડયું હતું. શ્રીમતી પારૂલ

શ્રીવાસ્તવ, ડેપ્યુટી ડાયરેકટર, DRI સુરત દ્વારા ડ્રગ્સ સ્મગલિંગને રોકવાના સરકારની નીતિ અને અભિગમ પર ભાર મુકયો હતો. કુમારી ફેની જોશી ડાયેટિશન, સનશાઈન ગ્લોબલ હોસ્પિટલ સુરત દ્વારા ન્યુટ્રિશન વેલ્યૂ અને હેલ્થી ડાયેટ કેવું હોવું જોઈએ તેના પર માર્ગદર્શન આપ્યું હતું.

શ્રીમતિ નેહલ સોલંકી, નશામુકિત કેન્દ્ર, સુરત દ્વારા ડ્રગ્સને કારણે ઉભા થતા સામાજિક અને આર્થિક દૂષણો વર્ણાવ્યાં હતાં અને સમાજ પર તેની અસરો અને તેમાથી કેવી રીતે બહાર આવી શકાય તેના પર માર્ગદર્શન આપ્યું હતું. અંતે સર્વે દ્વારા ડ્રગ્સનો બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી. કાર્યક્રમની આભારવિધિ શ્રી નવીન કુમાર સોની ડેપ્યુટી કમિશનર CGST સુરત દ્વારા કરવામાં આવી.












## પર્પેચ્યુઅલ હેલ્પ સિસ્ટમ ડાલ્ટા – મોલિનો કૅમ્પસ, ફિલીપિન્સ સાથે એમઆઈયું

MBA ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૨૯/૮/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કોન્ફરન્સ હોલમાં વર્ચ્યઅલ રીતે યુનિવર્સિટી ઓફ પર્પેચ્યુઅલ હેલ્પ, ફિલિપાઈનસ સાથે એમઆઈયુ કરાયું. આ એમઓયુ હેઠળ સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ, ફેકલ્ટી એકસચેન્જ પ્રોગ્રામ સાથે સાથે રિસર્ચ ક્ષેત્રમાં બંને યુનિવર્સિટીઓ જેના કારણે વિદ્યાર્થીઓને, શોધકર્તાઓને શિક્ષકોને અને યુનિવર્સિટીઓને ખૂબ મોટો લાભ થશે. આ એમઓયુમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, MBA વિભાગના વડાશ્રી ડૉ. મનિષ સિદ્ધપુરિયા, ડૉ.જયદીપ ચૌધરી, ડૉ.મનિષાબેન પાનવાલા, ડૉ ધવલ મહેતા તેમજ યુનિવર્સિટી ઓફ પર્પેચ્યુઅલ હેલ્પ ફિલિપાઈન્સમાંથી વર્ચ્યુઅલ રીતે એમઓયુ માટે ડૉ. રેનો રાયેલ, સ્કૂલ ડાયરેકટર, ડીન ટેસ્ટર એન્ગ્યુલેસ ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના નવતર પ્રયત્નો દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે અગ્રેસર બની કાર્ય કરી રહી છે. આ એમઆઈયુ થતાની સાથે જ વિદ્યાર્થીઓ, સંશોધનકર્તા, શિક્ષકો તેમજ યુનિવર્સિટીને તેનો લાભ મળશે.








## Department of Chemistry

### અંતાક્ષરી સ્પર્ધા

રસાયણશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે તા. ૧૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ વિભાગીય અંતાક્ષરી સ્પર્ધા યોજવવામાં આવી હતી. જેમાં અનુસ્નાતક અને સંશોધનનાં કુલ ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સ્પર્ધા કરતા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને ઉલ્લાસ લાવવાનો હતો. સ્પર્ધાનું સંચાલન વિભાગના વડાશ્રી પ્રો. સૌરભ કે. પટેલની દેખરેખ હેઠળ રેણુ શર્મા (આયોજન સચિવ) તેમજ અન્ય વિભાગીય આયોજન સમિતિની મદદથી કરવામાં આવ્યું હતું.










## Department of Commerce

### પુસ્તક સમીક્ષા સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા તા. ૧૦ જુલાઈ, ૨૦૨૩ના રોજ પુસ્તક સમીક્ષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા પાછળનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને સાહિત્યિક જગતમાં ઊંડા ઉતારવા, તેમની વિશ્લેષણાત્મક વિચારશરણીને ઉત્તેજન આપવા અને તેમના લેખન કૌશલ્યને સન્માનિત કરવા પ્રોત્સાહિત કરવાનો છે. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જીરા નિષાદ, બીજા ક્રમે જીન્જાલા હર્ષદ અને અંકિત યાદવ તેમજ ત્રીજા ક્રમે શુકલા જાનવી, વિજયકુમાર અને વિવેક વાઘેલા વિજેતા રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી કે.એન.ચાવડા, કુલસચિવશ્રી આર.સી.ગઢવી તેમજ કોમર્સ વિભાગ પરિવારના ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ અને વિજેતાઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.







## મધ્યસ્થ પુસ્તકાલયની મુલાકાત

તા. ૧૭/૮/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ લાઇબ્રેરીની મુલાકાતનું આયોજન થયું હતું. આ મુલાકાતમાં ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓ અને કોમર્સ વિભાગના અધ્યાપકો તેમજ લાઈબ્રેરીયન જોડાયા હતા. મુલાકાત દરમ્યાન ગ્રંથાલય સ્ટાફ દ્વારા ગ્રંથાલયમાં ઉપલબ્ધ વિવિધ સેવાઓ વિશે સમજાવ્યું અને જણાવ્યું કે, પુસ્તકાલયમાં ૨,૦૦,૦૦૦ થી વધુ પુસ્તકો, જર્નલ્સ અને અન્ય સંસાધનોનો સંગ્રહ છે. મુલાકાતમાં વિદ્યાર્થીઓએ લાઈબ્રેરીના કમ્પ્યૂટરના (OPAC) સોફટવેરમાં સર્ચ કરીને પુસ્તક કેવી રીતે લઈ શકાય એ વિશે જાણ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું કે, આવી મુલાકાતો વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને પુસ્તકાલય વિશે વધુ જાણવાની તક પૂરી પાડશે અને તેમના શૈક્ષણિક સંસોધાનને સમર્થન આપશે. કોમર્સ વિભાગ સેન્ટ્રલ લાયબ્રેરીના સ્ટાફનો મુલાકાતને શકય બનાવવા તેમજ સમર્થન અને સહકાર બદલ આભાર માને છે.









## સ્લોગન લેખન સ્પર્ધા

તા. ૧૭/૮/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા સ્લોગન લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્લોગન લેખનનો વિષય ભારત દેશ અને પર્યાવરણ પર રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધા પાછળનો ઉદેશ વિદ્યાર્થીઓની શબ્દોની શકિતને બહાર લાવવા અને વિદ્યાર્થીઓને તેમના વિચારો સંક્ષિપ્ત અને અસરકારક રીતે વ્યકત કરવા પ્રોત્સાહિત કરવાનો હતો. જેમાં પ્રથમ ક્રમે ચૌધરી સ્વાતીકુમારી વિપુલભાઈ, બીજા ક્રમે રિયાની હિરલ જયેશભાઈ અને ત્રીજા ક્રમે વાલા મોહિત વિજેતા રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા તથા કોમર્સ વિભાગ પરિવાર ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ અને વિજેતાઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.











## રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને G20 અંતર્ગત રકતદાન શિબિરનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગ ખાતે તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ રકતદાનના મહત્ત્વ વિષે જાગૃતિ ફેલાવવા અને જીવન બચાવવાના ઉમદા હેતુમાં યોગદાન આપવા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર અને ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી દીપેશ પટેલ હાજર રહ્યા હતા. આ શિબિરમાં કુલ ૬૧ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ યુનિવર્સિટીના કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ.ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોમર્સ વિભાગના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ. સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. કોમર્સ વિભાગ સુરત રકતદાન કેન્દ્રની ટીમની પ્રશંસનીય કામગીરી બજાવવા બદલ આભાર માને છે અને ભવિષ્યમાં પણ તેમનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખે છે.







## Fireless Cooking Competition

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા તા. ૨૬/૮/૨૦૨૩ના રોજ ફાયરલેસ કૂકિંગ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ સ્પર્ધા રાખવા પાછળનો ઉદ્દેશ્ય ટકાઉ અને ઉર્જા–કાર્યક્ષમ રસોઈ પદ્ધતિઓના ખ્યાલને પ્રોત્સાહન આપવાનો તેમજ રાંધણ કુશળતા અને સર્જનાત્મકતા પ્રદર્શિત કરવાનો હતો. સ્પર્ધામાં ૧૦ વિદ્યાર્થીની અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે દ્રષ્ટી જે. પાલનપુરીયા, બીજા ક્રમે માવાની વિધિ મુકેશભાઈ અને મિહિર ચાંગાવાલા તેમજ ત્રીજા ક્રમે વાઘેલા વિવેક હરેશભાઈ અને યાદવ સંદીપ રામફળીભાઈ વિજેતા રહ્યા હતા. તેમજ પંજવાની દેવાંશુ, વાલા મોહિત ભરતભાઈ અને પઢીયાર કરિશ્મા રણજીતસિંહએ પ્રોત્સાહક ઇનામ મેળવ્યું હતું. કાર્યક્રમનું આયોજન અને આભારવિધિ કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ પ્રો.ડૉ. પ્રીતિ શાહએ કર્યું હતું. કોમર્સ વિભાગ ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓ અને વિજેતાઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા હતા.







## 'આલય' ડિજીટલ સ્ટુડિયોનું લોકર્પણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાણિજ્ય વિભાગમાં 'આલય' ડિજીટલ સ્ટુડિયોનો લોકર્પણ સમારંભ તા. ૨૪ ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ સવારે ૧૦ કલાકે યોજાયો હતો. સ્ટુડિયોનું લોકર્પણ ગુજરાત રાજ્યના સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ અને ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે અને સમારંભના પ્રમુખ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

'આલય' ડિજીટલ સ્ટુડિયોનું નિર્માણ UGCના સહયોગથી કરવામાં આવ્યું છે. ઉચ્ચ શિક્ષણ માટેના ઓનલાઈન ડિજીટલ પોર્ટલ સ્વયં અને સ્વયંપ્રભ માટે વિભિન્ન વિષયોના અભ્યાસક્રમને લગતી એ સામગ્રી એટલે કે, ઓડિયો અને વિડિયો સામગ્રી તૈયાર કરવા માટે તેની રચના કરવામાં આવી છે. સ્ટુડિયોમાં હાઈટેક કેમેરા, રેકોર્ડર, સાઉન્ડ મિક્સર, ટચ પેનલ, ગ્લાસબોર્ડ, FM રેડિયો સ્ટેશન સહિતની હાર્ડવેર સુવિધાઓ ઉપલબ્ધ છે. ઈ–સામગ્રીના નિર્માણ માટે વિષયના નિષ્ણાંતો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ વગેરેની સેવાઓ લેવામાં આવશે. સ્ટુડિયોમાં વર્કશોપ, પેનલ ડિસ્કશન, ઓનલાઈન ડિસ્કશન, ઇન્ટરવ્યુ, જીવંત પ્રસારણ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે.













## Department of Economics

### ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ. સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતી ગામીત મયુરી મહેન્દ્રસિંહ જેઓ તા. ૨૦ થી ૨૩ જુન, ૨૦૨૩ દરમ્યાન યોજાયેલ નેશનલ જનજાતીય ખેલમહોત્સવ ભુવનેશ્વર, ઓડિશામાં ભાગ લઈ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવ્યું છે તે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને અર્થશાસ્ત્ર વિભાગ તમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.



### Webinar on 'Basics of Financial Education and Investmentt Awareness'

યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ ખાતે સેમિનાર હોલમાં તા. ૦૧/૦૮/૨૦૨૩નાં રોજ કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગ અને NSE (National Stock Exchange)નાં સંયુકત પ્રયાસ હેઠળ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વેબિનારનો વિષય 'Basics of Financial Education and Investment Awareness' હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ સાથે અધ્યાપકગણ, બિન–શૈક્ષણિક કર્મચારી અને એમ.એ. સેમેસ્ટર–૧ અને ૩ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વેબિનારની શરૂઆતમાં સૌપ્રથમ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા મુખ્ય વકતા શ્રી પલક લોટીયા (Investor Awareness Trainer empanelled with NSE)નો વિસ્તૃત પરિચય શ્રોતા સમક્ષ રજૂ કર્યો હતો. ત્યારબાદ શ્રી પલક લોટીયા દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં રોકાણકારોમાં જાગૃતિ લાવવા માટેનાં કેટલાક મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમ કે, Need for Financial Education and steps involved in Financial Planning, Capital Market and its structure, Primary and Secondary Markets, Investing in Securities Market - Procedural part, Matual Funds, ETFs and SGB, Do's & Don't વગેરે મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રસ્તૃત વેબિનારમાં ૧૨૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.








### પ્રો.બી.વી.મહેતા વ્યાખ્યાનમાળાનું આયોજન

અર્થશાસ્ત્ર વિભાગમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪થી અર્થશાસ્ત્રના ભૂતપૂર્વ અધ્યક્ષશ્રી પ્રો.બી.વી.મહેતાના નામથી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું છે. ડૉ.બી.વી.મહેતા વિશ્વના ટોચના અર્થશાસ્ત્રીમાં તેમની ગણના થતી હતી. પ્રો.બી.વી.મહેતા કે, જેઓએ વિશ્વની નામાંકિત યુનિવર્સિટીમાં વીઝીટીંગ ફેકલ્ટી તરીકે પણ કામગીરી બજાવી છે. તેમજ જે તે સમયે International Journal 'the bulletin of the Oxford University Institute of Economics and Statistics' જેવા નામાંકિત જર્નલ્સમાં તેમના સંશોધનો પ્રકાશિત થયા છે, માત્ર પ્રકાશિત નહિ પણ, તેમનાં સંશોધનનાં તારણો પર મોટી ડીબેટો પણ થઈ છે એવા નામાંકિત અર્થશાસ્ત્રી જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ હતા. પ્રો.બી.વી.મહેતા ૧૯૭૯ની વાર્ષિક ગુજરાત અર્થશાસ્ત્રની પરિષદ (Gujarat Economic Association)ના પ્રેસિડેન્ટ પણ રહી ચૂકયા છે. તેમણે તેમાં પ્રમુખીય પ્રવચન આપ્યું હતું. પ્રસ્તુત પરિષદ ભાવનગર યુનિવર્સિટી ખાતે આયોજિત કરવામાં આવી હતી. તેઓ તેમના જીવનકાળ દરમ્યાન U.K., U.S.A., U.S.S.R. અને Japan જેવા દેશોમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમો માટે પસંદગી

પામ્યા છે અને તેઓ ત્યાં જઈને દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે, જે ખૂબ ગૌરવપૂર્ણ બાબત ગણી શકાય. અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તેમની યાદમાં પ્રો.બી.વી.મહેતા વ્યાખ્યાનમાળા શરૂ કરી છે, પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં તા. ૨૩ ઓગષ્ટ, ૨૦૨૩ના યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા અને મુખ્ય વકતા તરીકે નિવૃત્ત પ્રાધ્યાપક અને એચ.આર.ડી. વિભાગના અધ્યક્ષ એવા પ્રો. કિરણ એમ. પંડયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રો.બી.વી.મહેતા વ્યાખ્યાનમાળા અંતર્ગત આજના પ્રથમ ઉદ્‌ઘાન વ્યાખ્યાન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે જણાવ્યું હતું કે, અર્થશાસ્ત્ર વિભાગે આગળ પડીને જેવી રીતે પોતાના વિભાગમાં કામ કરી ગયેલા પ્રોફેસર કે જેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતા હતા તેમની યાદગીરી રૂપે વ્યાખ્યાનમાળા તેમજ ટીચર એક્ષ્ચેન્જ પ્રોગ્રામ ચાલુ કર્યા છે. જેને બિરદાવી છે, તેમણે વધુમાં જણાવ્યું કે આવા પ્રોગ્રામ થકી વિભાગના પૂર્વજોને યાદ કરવા તેમજ તેમના દ્વારા જે સારી પરંપરા ચાલુ કરવામાં આવી હતી તે જળવાઈ રહે તે રીતે ભવિષ્યમાં પણ કામગીરી થાય તે જરૂરી છે. ડૉ. કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું કે, આવા પ્રોગ્રામો થકી વિદ્યાર્થી અને અધ્યાપકો લાભાન્વિત થાય અને તેનાથી સમાજનો સર્વાંગી વિકાસ થાય તેમાં કોઈ શંકાને સ્થાન નથી જેથી આવા કાર્યક્રમો વિવિધ સ્વરૂપમાં થવા જરૂરી છે. પ્રસ્તુત બી.વી.મહેતા સાથે તેમના કાર્યકળ દરમ્યાન થયેલા તેમના અનુભવો જણાવી વિદ્યાર્થી અને અધ્યાપકોને જણાવ્યું હતું કે, પ્રો. મહેતા કેટલા સરળ, સહજ અને જ્ઞાની હતા. એક સહ કાર્યકર તરીકે આગળ વધવાની તકમાં તેમનો શું ફાળો છે. તે સંદર્ભે પ્રો. પંડયાએ પોતાના અનુભવોની વાત કરી હતી. પ્રો. કિરણ એમ. પંડયાએ "ફુગાવો, નાણા સંકોચન અને મંદી મિશ્રિત ફુગાવો" વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે ફુગાવાની વર્તમાન પરિસ્થિતિ શું છે તેની વાત કરી હતી. તેમના વકતવ્યમાં તેમણે ફુગાવો કઈ રીતે માપી શકાય, ફુગાવાની સાથે જોડાયેલા સિદ્ધાંતો, ફુગાવાને અસર કરતા પરિબળો, ભારતમાં ફુગાવાની પરિસ્થિતિ, સામાન્ય ભાવઆંક સાથે જોડાયેલા અન્ય ભાવાંક, ઉપરાંત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી, નાણાંવાદીઓ તેમજ કેઇન્સ અને કેઇન્સવાદીઓએ ફુગાવા સંદર્ભે જે ચર્ચાઓ કરી છે, તેની વિસ્તૃત સમજૂતી આપી. પ્રો. કિરણ પંડયાએ આપમેળે ચાલતા અર્થતંત્ર અને રાજ્યના હસ્તક્ષેપની ચર્ચાને સમજાવી અને કઈ રીતે વિવિધ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સમજવામાં તમને આ ચર્ચા કામ લાગી શકે તેની ચર્ચા કરી. તેમણે પોતાના વકતવ્ય દરમિયાન AD/AS મોડેલ IS/LM વક્ર ફીલીપ્સ રેખા જેવા અગત્યના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને લાભાન્વિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિભાગના પ્રાધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહેમાનશ્રીના આવકાર અને અભિવાદનથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિભાગના પ્રાધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા પ્રો.બી.વી. મહેતા વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, તેમણે જણાવ્યું હતું કે, પ્રો. મહેતા જેઓનો જન્મ ૧૯૩૨માં થયો હતો અને ૨ મે, ૨૦૧૯ના રોજ તેઓ યુ.એસ.એ.માં મુત્યુ પામ્યા હતા. જેમણે પોતાના જીવનના અમૂલ્ય એવા ૨૦ વર્ષ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પસાર કર્યાં હતાં અને તેમના કાર્યકાળ દરમિયાન તેમણે અર્થશાસ્ત્ર વિભાગને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ નામના આપવી તે સંદર્ભે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ વિભાગના અધ્યક્ષ પ્રો. ગૌરાંગ ડી. રામીના સહકાર થકી થયો હતો. બીજી મહત્વની બાબત એ છે કે, પ્રસ્તુત વ્યાખ્યાનમાળા ગોઠવવામાં યુનિવર્સિટીના વિવિધ અધિકાર મંડળ અને તેના સભ્યશ્રી તેમજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલપતિશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન અને સહકાર થકી પ્રસ્તુત કાર્યક્રમ સફળ રહ્યો હતો. પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં અર્થશાસ્ત્ર વિષયના યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપરાંત વેસુ અગ્રવાલ કૉલેજના વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા. ૧૩૫ જેટલા વિદ્યાર્થી, સંશોધક અને અધ્યાપકોએ આ વકતવ્યનો લાભ લીધો હતો.


સ્વ. ડો. બી. વી. મહેતા
(ઓક્ટોબર ૧૮,૧૯૩૧ થી મે ૦૨,૨૦૧૯)
પ્રાધ્યાપક અને પ્રથમ અધ્યક્ષ
અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત



















## B. V. Mehta Lecture Series: First Lecture on Inflation, Defination and Stagflation

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ બી.વી.મહેતા વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંના પ્રથમ વ્યાખ્યાનનું આયોજન તા. ૨૩/૮/૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. જેનો વિષય "Inflation, Defination and Stagflation" હતો. પ્રસ્તુત વ્યાખ્યાનમાં મુખ્ય વકતા તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ અધ્યક્ષ તરીકે કાર્યરત હતા તથા મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટયા દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનું સ્વાગત ડૉ. યોગેશ એન.વાંસિયા દ્વારા ભેટ સ્વરૂપે પુસ્તક આપીને કરવામાં આવ્યું હતું, તથા ડૉ. કિરણ પંડયાનું સ્વાગત પુસ્તક અને નર્મદ મોમેન્ટો આપીને કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમને આગળ વધારતા ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા વ્યખ્યાનમાળા વિષે તથા ડૉ. બી.વી.મહેતા અને ડૉ. કિરણ પંડયાની કારકિર્દી તથા સિદ્ધિઓ વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા અર્થશાસ્ત્ર વિભાગમાં થનાર કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને આગળ વધારવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનમાં મુખ્ય વકતા ડૉ. કિરણ પંડયા દ્વારા ડૉ. બી.વી.મહેતા. સાથેના પોતાના અનુભવો અને યાદગાર પળોની સ્મૃતિને વાગોળી હતી. ત્યારબાદ વ્યાખ્યાનના વિષય "Inflation, Defination and Stagflation" વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં ફુગાવા વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી, ફુગાવાની વાસ્તવિક પરિસ્થિતિ સમજાવવા માટે તેમને સમાચાર પત્રો, વિડીયો કિલપ દ્વારા માહિતી આપી હતી. આ ઉપરાંત ફુગાવાના પ્રકાર, NSSO, MOSPI વગેરે વિષે વિસ્તારપૂર્વક સમજ પૂરી પાડી હતી. વ્યાખ્યાનનાં અંતે ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી જેમાં કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ડૉ. કિરણ પંડયા સાહબે તથા વિભાગીય અધ્યક્ષ અને ઉપસ્થિત દરેક વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કર્યો હતો. પ્રસ્તુત વ્યાખ્યાનમાં એમ.એ. સેમેસ્ટર-૧ અને ૩ના ૧૩૫ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## Dr. B. V. Mehta Lecture Series Lacture-2: Instrest Rate

અર્થશાસ્ત્ર વિભાગમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪થી અર્થશાસ્ત્ર વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રા. (ડૉ) બી.વી. મહેતાના નામથી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું છે. પ્રા. (ડૉ) બી.વી.મહેતા અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં સૌપ્રથમ અધ્યક્ષ હતા, તે ઉપરાંત ડૉ.બી.વી.મહેતા વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી હતા, ઔદ્યોગિક અર્થશાસ્ત્રમાં વિશ્વનાં ટોચના અર્થશાસ્ત્રીમાં તેમની ગણના થતી હતી. જેમાનું બીજું વ્યાખ્યાન તા. ૨૪/૦૮/૨૦૨૩નાં રોજ આયોજિત કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વ્યખ્યાનનો વિષય "વ્યાજદર" હતો અને મુખ્ય વકતા તરીકે ડૉ. સચિન મહેતા હાજર રહ્યા હતા. ડૉ. સચિન મહેતા, શ્રી અટલબિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણીજ્ય કૉલેજ, વાંકલમાં અધ્યાપક તરીકે ફરજ બજાવે છે. વ્યાખ્યાનની શરૂઆત મેરાભાઈ જમોડ દ્વારા કરવામાં આવી હતી. સૌપ્રથમ મુખ્ય વકતા ડૉ. સચિન મહેતાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ડૉ.સચિન મેહતાએ પોતાનું વકતવ્ય રજૂ કર્યું. જેમાં, વ્યાજદર વિષય પર વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. તે ઉપરાંત વ્યાજદરના પ્રકાર, વ્યાજદરની જરૂરિયાત, વ્યાજદરનાં કાર્યો વગેરે વિષે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. વ્યાખ્યાનના અંતે શ્રી મેરાભાઈ જમોડ દ્વારા આભારવિધિ કરવામાં આવી અને તેમણે વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીના માર્ગદર્શન થકી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તે બદલ તેમનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મુખ્ય વકતા ડૉ. સચિન મહેતા અને વિદ્યાર્થીઓનો વ્યાખ્યાનમાં હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો. પ્રસ્તૃત વ્યાખ્યાનમાં કુલ ૮૫ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.







## ડૉ. બી.વી.મહેતા વ્યાખ્યાનમાળા (વ્યાખ્યાન–૩): 'ભારતમાં ડેરી વિકાસની આજ, કાલ અને આવતીકાલ'

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં ડૉ. બી.વી.મહેતા વ્યાખ્યાનમાળાનો આરંભ તા. ૨૩/૦૮/૨૦૨૩નાં રોજ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત તા. ૨૫/૦૮/૨૦૨૩ના રોજ ત્રીજા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'ભારતમાં ડેરી વિકાસની આજ, કાલ અને આવતીકાલ' હતો. પ્રસ્તૃત વ્યાખ્યાનમાં મુખ્ય વકતા તરીકે ડૉ. દિલીપ આર. શાહ હાજર રહ્યા હતા. જેઓ મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વના અધ્યક્ષ અને પ્રાધ્યાપક તરીકે કાર્યરત હતા. ડૉ. દિલીપ શાહ અર્થશાસ્ત્રમાં અનુસ્નાતક તરીકે ૧૯૬૯માં પદવી મેળવેલ છે, તથા Ph.D.ની પદવી M. S. Unniversity 'An Economics Analysis of Co-Operative Dairy Industry in Gujarat' વિષયમાં ૧૯૮૦માં પ્રાપ્ત કરી છે. તે ઉપરાંત ડૉ. દિલીપ શાહે ૪૦ જેટલા સંશોધન પ્રોજેકટમાં કાર્ય કર્યું છે. ૧૫ જેટલાં ગ્રામ અભ્યાસ વિશે પુસ્તકો લખ્યાં છે. અને ૧૨૫ સંશોધન પત્ર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કરેલ જર્નલ્સમાં પ્રકાશિત કર્યા છે. તેઓએ USSR, USA, JAPAN, THAILAND, PHILIPPINES તથા SPAINની જાણીતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલ છે. તેવા વિખ્યાત ડૉ. દિલીપ શાહ પ્રસ્તુત વ્યાખ્યાનમાં મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વ્યાખ્યાનની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. દિલીપ શાહ અને પ્રસ્તુત વિષય સંબંધી પરિચય અઆપવમાં આવ્યો હતો. ડૉ. મનિષ આર. પટેલ દ્વારા મુખ્ય વકતા ડૉ. દિલીપ શાહનું અભિવાદન પુસ્તક અને નર્મદની પ્રતિકૃતિ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ આગળ વધારતા મુખ્યવકતા ડૉ. દિલીપ શાહ દ્વારા વ્યાખ્યાનના વિષય 'ભારતમાં ડેરી વિકાસની આજ, કાલ અને આવતીકાલ' પર વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. જેમાં ડેરી ઉદ્યોગને વિકાસ વગેરે વિશે ચર્ચા કરવામાં આવી હતી. ડૉ. શાહ દ્વારા ડૉ. કુરિયન દ્વારા સહકારી ડેરીમાં અપાયેલા યોગદાન તેમજ NDDBની કામગીરી અને સમયાંતરે તેમાં અનુભવાયેલા પ્રશ્નો અને તેના વિસ્તરણ વિશે પણ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. ડૉ. દિલીપ શાહ દ્વારા ડેરી વિકાસની યાત્રા જાણે આપણી નજર સમક્ષ પસાર થયો હોય તે રીતે વિદ્યાર્થીઓની સાથે ચર્ચા કરી હતી. તે ઉપરાંત ડેરી ઉદ્યોગનું આજ અને ભવિષ્ય અંગે ચર્ચા

કરવામાં આવી હતી. વ્યાખ્યાનની સમાપ્તિ બાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. જેમાં મુખ્ય વક્તા ડૉ. દિલીપ શાહ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કર્યો હતો. પ્રસ્તુત વ્યાખ્યાનમાં અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપરાંત મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના વિદ્યાર્થીઓ, અધ્યાપકો થઈ લગભગ ૧૨૦ જેટલા લોકોએ આ વ્યાખ્યાનમાં લાભ લીધો હતો.









## વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સમાજવિજ્ઞાન ભવન ખાતે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાના સાથ સહકારથી તથા અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીના માર્ગદર્શન હેઠળ સ્વ. પ્રા.(ડૉ) બી.વી. મહેતા ટીચર્સ એકસચેન્જ કાર્યક્રમ અંતર્ગત ડૉ. વિજય જરીવાળાએ 'એકમલક્ષી અર્થશાસ્ત્ર' વિષય પર તા. ૨૮/૮/૨૦૨૩ થી ૨૯/૮/૨૦૨૩ દરમ્યાન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વ્યાખ્યાનના મુખ્ય વકતા ડૉ. વિજય જરીવાલા હતા. ડૉ. વિજય જરીવાલા સરદાર પટેલ યુનિવર્સિટીમાં અસોસિયેટ પ્રોફેસર તરીકે કાર્યરત છે. પ્રસ્તુત વ્યાખ્યાનની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા ડૉ. વિજય જરીવાલાનો વિસ્તૃત પરિચય આપીને કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ડૉ. વિજય જરીવાલાનું પુસ્તક અને કવિ નર્મદની પ્રતિકૃતિ ભેટ સ્વરૂપે આપીને અભિવાદન કરવામાં આવ્યું. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. જરીવાલાએ પોતાનું વ્યાખ્યાન રજૂ કર્યું હતું. તા. ૨૮/૮/૨૦૨૩ના રોજ એકમલક્ષી અર્થશાસ્ત્રના મહત્વના મુદ્દા જેમ કે, સંતૃપ્તિ વક્ર, તૃષ્ટિ ગુણ, બજારના પ્રકાર, નાણાની સીમાંત કાર્યક્ષમતા, પસંદગીનો માપદંડ, સીમાંત અવેજી અસરોનું વિભાજન વગેરે મુદ્દાઓની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. તેમજ તા.૨૯/૮/૨૦૨૩ના રોજ પ્રસ્તુત વ્યાખ્યાનને આગળ વધારતા અસંમિત માહિતી, પ્રતિકુળ પસંદગી, પામ અને લેમન બજાર, નૈતિક સંકટ વગેરે મુદ્દા પર વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપી હતી. અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ વ્યખ્યાનનો લાભ લીધો હતો.








## Department of Hindu Studies

### ભારતીય જ્ઞાન પરંપરા અંતર્ગત એક દિવસીય કાર્યશાળા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ દ્વારા ભારતીય જ્ઞાન પરંપરા એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૨ ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ સવારે ૧૧ કલાકે શરૂ થયેલા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ચાર સત્રમાં કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પશ્ચિમ ક્ષેત્ર સહકાર્યવાહક શ્રી યશવંતજી ચૌધરી, રાજ્યસભાના સાંસદ શ્રી પ્રો. રાકેશ સિન્હા, ભારતીય શિક્ષણ મંડળના ગુરુકુળ પ્રકલ્પ સંયોજક ડૉ. દીપક કોઈરાલા, IIT હૈદરાબાદના એસોસિએટ પ્રોફેસર ડૉ. મોહનજી રાઘવે ભારતીય જ્ઞાન પરંપરાના અલગ અલગ વિષયો પર વિસ્તૃત સમજ આપી હતી.

યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં યોજાયેલ આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય તેમજ ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા દ્વારા સ્વાગત પ્રવચન તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરાયા બાદ પ્રથમ સત્રની શરૂઆત કરવામાં આવી હતી.

પ્રથમ સત્રના અતિથિ વકતા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પશ્ચિમ ક્ષેત્ર સહકાર્યવાહક શ્રી યશવંતજી ચૌધરીએ ભારતના 'સ્વ'નો સાક્ષાત્કાર અને ગૌરવશાળી ભારત વિશે વાત કરતા જણાવ્યું હતું કે, કોઈ રાષ્ટ્રને મહાન બનાવવું હશે તો વ્યકિતને મહાન બનવું પડશે અને વ્યક્તિ ત્યારે જ મહાન બનશે જ્યારે વ્યકિત સ્વાભિમાની બનશે. ઋષિમુનિઓએ વ્યકિતને શ્રેષ્ઠ બનાવવાની વ્યવસ્થા અને એકાત્મની વાત સમાજને શીખવાડી હતી. ધર્મ અનુસાર અર્થ, કામ, મોક્ષ પ્રમાણે વ્યકિતને શ્રેષ્ઠ બનાવવાની પધ્ધતિ પણ ઋષિમુનિઓએ આપી હતી. ભારત પહેલા જેવું હતું એવું બનાવવું હશે તો જ્ઞાન પરંપરા શીખવી પડશે, તપસ્યા પણ કરવી પડશે. તો જ આપણા સૌનું સ્વપ્ન સાકાર થશે. વિદ્યાર્થીઓને ઈતિહાસ અને એચિવમેન્ટની સાથે સાથે તત્વજ્ઞાન અને જીવનચરિત્ર વિશે પણ સમજ આપવી પડશે.

દ્વિતીય સત્રના અતિથિ વકતા રાજ્યસભા સાંસદ શ્રી પ્રો. રાકેશ સિન્હાએ ભારતીય જ્ઞાન પરંપરાનો પરિચય આપતા જણાવ્યું હતું કે, ભારતીય પરંપરા તેમજ પશ્ચિમી જ્ઞાન પરંપરાઓનો તફાવત અને ભારતીય જ્ઞાન પરંપરાની વિશેષતાને પણ સમજવી જરુરી છે. જ્ઞાન કયારેય પણ એક રૂમમાં બેસી ઔપચારિકતાથી ઉત્પન્ન થતું નથી. તે અનામી લોકો, અનામી જગ્યા, અનામી રીતે અને એક જીવનશૈલીથી ઉત્પન્ન થાય છે. ભારતીય જ્ઞાન પરંપરા સર્વસમાવેશક, માનવતાવાદી, ભૌતિકવાદથી આધ્યાત્મિકવાદ તરફ લઈ જનારી છે. તેને વર્તમાનમાં પુનઃસ્થાપિત કરવા માટે ભારત સરકારની નવી શિક્ષણ નીતિમાં ભારતીય જ્ઞાન પરંપરાનો સમાવેશ કરવા બદલ ભારત સરકારનો આભાર માન્યો હતો.

તૃતીય સત્રના અતિથિ વકતા ડૉ.દીપક કોયરાલા હતા. ભારતીય શિક્ષણ મંડળના ગુરુકુળ પ્રકલ્પ સંયોજક ડૉ. દિપક કોયરાલાએ ભારતીય જ્ઞાન પરંપરામાં પ્રમુખ વિભાવના અંગેની ચર્ચામાં જણાવ્યું હતું કે, વિભાવનાને ભારતીય અવધારણા, સંકલ્પના કે પરિકલ્પના કહી શકાય. અધ્યયનને રોજગાર સાથે ન જોડીને જ્ઞાન સાથે સાંકળવું જોઈએ. વિદ્યા પ્રાપ્ત કરવી અત્યંત જરૂરી છે. જેથી ભારતીય જ્ઞાન પરંપરાની વિદ્યા વિદ્યાર્થીઓને આપી તેમને સાચા અને ખોટાં વચ્ચેનો ભેદ પારખી શકાય એ માટે શિક્ષકોએ તેમને તૈયાર કરવાના છે. ત્યારબાદ કલા અને કુશળતા માટે તૈયાર કરવાના છે.

ચોથા સત્રમાં IIT હૈદરાબાદના એસોસિએટ પ્રોફેસર ડૉ. મોહનજી રાઘવને વકતવ્યની શરૂઆતમાં ભારતીય જ્ઞાન પરંપરામાં જ્ઞાન અને વિજ્ઞાનની વ્યાખ્યા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વિજ્ઞાન એ જ્ઞાનનું સહાયક છે. જ્ઞાનની અનુભૂતિ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો દ્વારા થતી હોય છે. આપણે જે કંઈ પણ કરીએ છીએ તે આનંદ મેળવવા માટે કરીએ છીએ અને તેની પ્રાપ્તિ માટે જ્ઞાન અને વિજ્ઞાનની ખોજ કરવામાં આવી છે. જ્ઞાનના વિસ્તારનો જે વિષય છે એ વિજ્ઞાન છે.

કાર્યક્રમની અંતિમ ૩૦ મિનિટ ડૉ. કેતન દેસાઈ, ડૉ. અર્પિત દવે અને શ્રી બાલાજી રાજે દ્વારા અધ્યાપકો અને વડાશ્રીઓ સાથે ભારતીય જ્ઞાન પરંપરા અંગે પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. મંચ પર બિરાજમાન તમામ અતિથિવિશેષ દ્વારા અધ્યાપકોને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝના સંયોજક શ્રી બાલાજી રાજેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમજ યુનિવર્સિટીના સેનેટ સદસ્યો, સિન્ડિકેટ સદસ્યો, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના તેમજ યુનિવર્સિટીને સંલગ્ન વિવિધ કૉલેજના વડાશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન મેળવ્યું હતું.



















## Department of Interior Design

### લ્યુસી એલ.ઈ.ડી.સંસ્થાની વિઝીટ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ટિરિયર ડિઝાઈનિંગના આસિસ્ટન્ટ પ્રોફેસર અંકિત ચાંગાવાલા અને સહ અધ્યાપક અભિષેક પટેલ દ્વારા ઇન્ટિરિયર લાઈટિંગ વિષયને અનુલક્ષીને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન મળી રહે તે હેતુથી લ્યુસી એલ.ઈ.ડી. સંસ્થાએ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં વિદ્યાર્થીઓને એલ.ઈ.ડી.લાઈટિંગ બાબતે ખૂબ જ બારીકાઈથી માહિતગાર કરવામાં આવ્યા. તદ્ઉપરાંત એલ.ઈ.ડી. ફિક્ચર કઈ રીતે એસેમ્બલ થાય છે તેનું લાઈવ ડેમોસ્ટેશન સંસ્થાના સંસ્થાપક શ્રી પ્રશાંત પટેલ દ્વારા કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ખૂબ જ આનંદ ઉત્સાહથી ભાગ લીધો હતો તથા તમામ વિદ્યાર્થીઓને તેના વિષયને અનુરૂપ ઘણું નવીન જાણવા મળ્યુ. તે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા દ્વારા તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા.























## Department of Journalism & Mass Communication

### એક્સપર્ટ લેક્ચર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા યુનિવર્સિટીના કુલપતિશ્રી કે.એન.ચાવડા તથા વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. ભરત ઠાકોર અને વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કિરણ મિત્તલના માર્ગદર્શન હેઠળ ૧૦ ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ ખાસ નિષ્ણાંત વ્યાખ્યનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. નિષ્ણાંત વ્યાખયાન માટે પત્રકારત્વ જગતમાં ૩૫ વર્ષનો અનુભવ ધરાવનાર શ્રી હિમાંશુ ભટ્ટ (Thinkline Youtube ચેનલના માલિક, ભૂતપૂર્વ એડિટર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા) હાજર રહ્યા હતા. વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ભરતભાઈ ઠાકોર દ્વારા મુખ્ય અતિથિ શ્રી હિમાંશુ ભટ્ટનું શાબ્દિક તેમજ તુલસીના છોડ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી હિમાંશુ ભટ્ટે પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, ડિજીટલ મીડિયા અને તેના મહત્ત્વ વિષય પર વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તેમણે વર્તમાન સમયમાં પત્રકારત્વ જગતની અડચણરૂપ બાબતો, પત્રકારની ફરજ, નૈતિક મૂલ્યો, અલગ દ્રષ્ટિકોણ વિકસાવવાની કળા વગેરે તરફ ખાસ ધ્યાન દોર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સારા પત્રકાર બનવા માટે સારા શ્રોતા, સારા નિરીક્ષક, સારા સંશોધક બની જેટલું બને એટલું સચોટ જ્ઞાન મેળવવાની સલાહ આપી હતી. આ કાર્યક્રમમાં વિભાગના ટીચીંગ આસિસ્ટન્ટ, સ્ટાફના સભ્યો તેમજ વિદ્યાર્થીઓ માટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## સ્પોર્ટ્સ જર્નાલિઝમ સર્ટીફીકેટ કોર્સ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના સાથ સહકારથી ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનના કો–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોર દ્વારા ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનમાં સ્પોર્ટ્સ જર્નાલિઝમનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યો છે. જેમાં ધોરણ–૧૦ પાસ કે તેથી વધારે અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન દ્વારા સ્પોર્ટ્સ જર્નાલિઝમમાં રૂચી રાખતા અથવા આ ક્ષેત્રમાં કાર્ય કરનાર પત્રકારોને ધ્યાનમાં રાખી પ્રોફેશનલ કોર્સ સ્પોર્ટ્સ જર્નાલિઝમ શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્સ બે ક્રેડિટનો હશે. જેમાં ૩૦ કલાકની થીયરી અને પ્રેક્ટીકલ કલાસ યોજવામાં આવશે. આ સ્પોર્ટ્સ જર્નાલિઝમમાં બહોળા પ્રમાણમાં રોજગારીની તકો રહેલી છે. જેને ધ્યાને રાખીને કોર્સ શરૂ કરાયો છે. ઉપરાંત આર્થિક રીતે પણ પરવડે તે રીતે સંપૂર્ણ કોર્સ ડિઝાઈન કરવામાં આવ્યો છે. પ્રોફેસર્સની સાથે નિષ્ણાંતો દ્વારા એજ્યુકેશન આપવામાં આવશે. કોર્સના પ્રવેશ કાર્ય માટે ૦૨૬૧–૨૨૦૩૧૯૦ નો સંપર્ક કરવાનો રહેશે.

## Department of Law

### ગાયત્રી યજ્ઞ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કાયદા વિભાગમાં તા. ૨/૮/૨૦૨૩ના રોજ ગાયત્રી યજ્ઞ તેમજ મુટ કોર્ટ રૂમ, લીગલ એકટ કિલનિક રૂમ, પુસ્તકાલય તથા બે નવા વર્ગખંડ કુલ મળીને ચાર જેટલા નવા રૂમનું ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. જેનું ઉદ્ઘાટન ગાયત્રી પરિવારના બહેનો દ્વારા ગાયત્રી યજ્ઞ કરી ધાર્મિક વાતાવરણનું સર્જન કરવામાં આવ્યું હતું તથા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદ હસ્તે લોકપાર્ણ કરવામાં આવ્યું હતું જેમાં કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી, સેનેટ સભ્યશ્રીઓ, સિન્ડિકેટ સભ્યશ્રીઓ કિરણ ઘોઘારી, નિમેશ માલી, ડૉ. કે.સી.પોરિયા તેમજ કાયદા વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. વિમલ પંડયા, બાંધકામ વિભાગના વડાશ્રી ડૉ. ધર્મેશ જુરેમલાની, વિભાગીય વડાશ્રીઓ, તેમજ કાયદા વિભાગના અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તથા કાયદા વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.







## Department of Library & Information Science

### One Day Workshop on "MENDELEY"

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે તા.૪/૮/૨૦૨૩નાં રોજ અર્થશાસ્ત્ર વિભાગ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં સંયુક્ત પ્રયાસથી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન દ્વારા One Day Workshop on 'MENDELEY'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે યુનિવર્સિટીનાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા મુખ્ય વકતા તરીકે ડૉ. ગૌતમ દુઆ હાજર રહ્યા હતા. જેઓ અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ કૉલેજમાં કાર્યકારી આચાર્ય તરીકે ફરજ પૂરી પાડે છે. સમગ્ર વર્કશોપનું સંચાલન ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા મુખ્ય અતિથી, વકતા અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓનું સ્વાગત કરીને કર્યુ હતું. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીનું સ્વાગત ભેટ સ્વરૂપે પુસ્તક આપીને પ્રજ્ઞાબેન ધાધલ દ્વારા કરવામાં આવ્યું હતું, મુખ્ય અતિથિ ડૉ. ગૌતમ દુઆનું સ્વાગત ડૉ. શૈલેષભાઈ પટેલ અને ડૉ. રાકેશભાઈ મકવાણા દ્વારા વીર નર્મદની પ્રતિમા તથા ભેટ સ્વરૂપે પુસ્તક આપીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રસ્તુત વર્કશોપનાં સંદર્ભમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા વકતવ્ય રજૂ કરવામાં આવ્યું તેમાં તેમણે જણાવ્યું કે પ્રસ્તુત યુગ શસ્ત્રનો નહિ પણ શાસ્ત્રોનો છે, આથી જ્યારે પણ કઈ નવું શીખવાની તક મળે શીખી લેવું જોઈએ, તે ઉપરાંત અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા અવારનવાર વિદ્યાર્થીઓનાં

હિત માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તે બદલ અર્થશાસ્ત્ર વિભાગને વિદ્યાર્થીઓના હિત માટે કાર્યરત રહેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ડૉ. ગૌતમ દુઆ દ્વારા પ્રસ્તુત "MENDELEY" સંદર્ભ સોફ્ટવેરનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો હતો, "MENDELEY" સોફ્ટવેરનો ઉપયોગ વિદ્યાર્થીઓ પોતાનાં સંશોધન કાર્ય માટે કઈ રીતે કરી શકે તેની માહિતી આપી હતી અને દરેક વિદ્યાર્થીઓને કમ્પ્યૂટરમાં પ્રેક્ટિસ દ્વારા શીખવવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓને "MENDELEY" ઉપયોગમાં પડતી મુશ્કેલીઓ અને ઉકેલો પણ જણાવ્યા હતા. વર્કશોપના અંતે ડૉ. યોગેશ એન.વાંસિયા દ્વારા મુખ્ય અતિથિ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, મુખ્ય વકતા ડૉ. ગૌતમ દુઆ, વર્કશોપના કો–ઓર્ડિનેટર ડૉ.મનિષ આર. પટેલ, અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી તથા ઉપસ્થિત અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કર્યો હતો. પ્રસ્તુત વર્કશોપમાં કુલ ૬૦ જેટલા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરતા B.L.I.Sc. SEMESTER-1, M.L.I.Sc. SEMESTER-1 અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને અર્થશાસ્ત્ર વિભાગનાં Ph.D.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.











## લાઈબ્રેરી ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન

તા. ૫/૮/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરતા B.L.I.Sc. સેમેસ્ટર ૧ અને M.L.I.Sc સેમેસ્ટર ૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે (Library Orientation Program)નું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને ડૉ. યોગેશ વાંસિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના મધ્યસ્થ ગ્રંથાલયમાં દરેક વિભાગમાં કઈ રીતે કાર્ય થાય છે તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગ્રંથાલય અંગેનું માર્ગદર્શન વિદ્યાર્થીઓને ડૉ. જીતેશ ટોપીવાલા, ડૉ. શૈલેશ પટેલ અને શ્રી મયંકભાઈ પટેલ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. સૌ પ્રથમ જ્યારે વિદ્યાર્થી એક વાચક બનીને ગ્રંથાલયમાં આવે છે ત્યારે તે વિદ્યાર્થીએ કઈ રીતે ગ્રંથાલય દ્વારા આપવામાં આવતી સેવાઓનો લાભ મેળવી શકે તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વાચકને કોઈ પુસ્તક જોઈએ છે તેની શોધ સોફ્ટવેરમાં કઈ રીતે કરવી, તે પુસ્તક ગ્રંથાલયમાં છે કે નહિ, જો છે તો તેને કઈ રીતે શોધી શકાઈ તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ગ્રંથાલયમાં સભ્યપદ મેળવવા માટેની પ્રક્રિયા પણ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી. અંતે વિદ્યાર્થીઓને ગ્રંથાલયમાં જે પણ સમજ પૂરી પાડવામાં આવી તે અંગે અભિપ્રાય રજૂ પણ મેળવવામાં આવ્યા અને જો કોઈ સૂચન હોઈ તો તે પણ વિદ્યાર્થીઓ દ્વારા આપવા માટે આગ્રહ કરવામાં આવ્યો. પ્રસ્તુત ગ્રંથાલય કાર્યક્રમમાં જેટલા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં અભ્યાસ કરતા કુલ ૩૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.



## રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી

તા. ૧૨/૦૮/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સમાનજવિજ્ઞાન ભવન ખાતે સ્થિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં B.L.I.Sc. અને M.L.I.Sc.ના વિદ્યાર્થીઓ દ્વારા ડૉ.એસ.આર.રંગનાથનના જીવનચારિત્ર્ય વિષે અને એક ઉત્તમ ગ્રંથપાલ બનવા માટે જરૂરી ગુણ વિષે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં B.L.I.Sc.મા અભ્યાસ કરતી કિંજલ પંડયા અને M.L.I.Sc.મા અભ્યાસ કરતા કેવિન સોલંકીએ પોતાનું વકતવ્ય ગ્રંથપાલ દિવસના સંદર્ભમાં રજૂ કર્યું હતું. ત્યારબાદ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના અધ્યાપક ડૉ. જીતેશ ટોપીવાળા દ્વારા પ્રસ્તુત દિવસનું મહત્ત્વ અને એસ.આર.રંગનાથનના જીવન અને કારકિર્દી વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં ડૉ. યોગેશ એન. વાંસિયા, ડૉ. જીતેશ ટોપીવાળા અને શ્રી મયંકભાઈ પટેલ હાજર રહ્યા હતા.












## Slogan Writing and Poster Making Competetion







તા. ૯ અને ૧૦ ઓગસ્ટના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં ડૉ. એસ.આર.રંગનાથનની જન્મજ્યંતી નિમિત્તે 'Slogan Writing' અને 'Poster Making Competition'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સ્પર્ધાનું આયોજન ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. યોગેશ એન. વાંસિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તા. ૯/૮/૨૦૨૩ના રોજ "Slogan Writing" સ્પર્ધામાં ગ્રંથાલય વિષય સંબંધિત Slogan જેમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં B.L.I.Sc. સેમેસ્ટર–૧ અને M.L.I.Sc. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતા ૨૪ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કર્યા હતા, અને તા.૧૦/૦૮/ ૨૦૨૩ના રોજ "Poster Making Competition"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં BLISC સેમેસ્ટર–૧ અને MLISC સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતા ૧૭ જેટલા વિદ્યાર્થીઓએ ગ્રંથાલય વિષય સંબંધિત જુદાં જુદં પોસ્ટર તૈયાર કર્યા હતાં. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા એકથી ત્રણ ક્રમાંક જાહેર કરવામાં આવ્યા હતા. "Slogan Writing" સ્પર્ધામાં પ્રથમ ક્રમે B.L.I.Sc. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી પંડયા કિંજલ, દ્વિતીય ક્રમે M.L.I.Sc. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતા વસાવા દર્પણકુમાર અને તૃતીય ક્રમે B.L.I.Sc. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પટેલ નૂતન વિજેતા જાહેર થયા હતા. તથા Poster Making Competitionમાં પ્રથમ ક્રમ M.L.I.Sc. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી ભગત સિમરન, દ્વિતીય ક્રમે B.L.I.Sc. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતા ઢીમ્મર વિરલભાઈ, અને તૃતીય ક્રમે બે વિદ્યાર્થીનીને આપવામાં આવ્યો હતો. જેમાં B.L.I.Sc. સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી ખવર વૃંદા અને M.L.I.Sc. સેમેસ્ટર–૧ ઢીમ્મર માનસી વિજેતા જાહેર થઈ હતી. આ સ્પર્ધામાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના અધ્યાપક ડૉ. શૈલેષ પટેલ, ડૉ. દિગ્વિજયસિંહ ચૌહાણ અને ડૉ. હરિભાઈ ટંડેલ હાજર રહ્યા હતા.

## Book Review Competition

તા. ૧૮/૦૮/૨૦૨૩નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી અને કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. યોગેશ વાંસિયાના માર્ગદર્શન હેઠળ "Book Review Competition"નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રસ્તુત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પધારેલા ડૉ. રાકેશભાઈ મકવાણા અને શ્રી મેરાભાઈ જમોડનું તથા ડૉ. યોગેશ એન. વાંસિયાનું વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પુસ્તક સમીક્ષા માટે વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાના નિયમો તથા કેટલો સમય સુધીમાં પોતાનાં પુસ્તક વિશેની સમીક્ષા રજૂ કરી શકશે તે વિષે સૂચનો આપવામાં આવ્યા હતા. પ્રસ્તુત પુસ્તક સમીક્ષા સ્પર્ધામાં ૧૦ જેટલાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને મનપસંદ પુસ્તક પર સમીક્ષા રજૂ કરી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા એકથી ત્રણ ક્રમ આપવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને પોતાનાં શ્રેષ્ઠ વકતવ્યની રજૂઆત માટે પ્રથમ ક્રમાંક M.L.I.Sc સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી સિમરન ભગત, દ્વિતીય ક્રમાંક પર B.L.I.Sc સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી સોનાલી શુકલા અને તૃતીય ક્રમાંક M.L.I.Sc સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી માનસી ઢીમ્મરને આપવામાં આવ્યા હતા. સંપૂર્ણ સ્પર્ધાનું સંચાલન M.L.I.Sc સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કેવિનકુમાર સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.
























## Department of Physics

### ફ્રેશર્સ ડે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના ભૌતિકશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા અતિસુંદર 'ફ્રેશર્સ ડે'નું આયોજન કરવામાં આવેલ હતું. સવારે ૧૧:૦૦ વાગ્યે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રિ.કે.એન.ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કૃતિઓની રજૂઆતો કરવામાં આવી હતી. ગણેશ વંદના કોલંબીયા ઝાન્વી અને પટેલ વૈશાલી ધ્વારા રજૂ કરવામાં આવી હતી. વિવિધ ગીતો, સંગીત અને ડાન્સનું અદ્ભુત રીતે રજૂ કરવામાં આવ્યા હતા. ગ્રુપ ડ્રામામાં કૉલેજ લાઈફનું તાદ્રશ્ય રજૂ કરવામાં આવેલ હતું. જેમને એમ.એસસી ભૌતિકશાસ્ત્ર (સેમેસ્ટર–૩ના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આ પછી સેમેસ્ટર–૩ની વિદ્યાર્થિની પરમાર

હિરલ અને ચૌધરી સુવિધા દ્વારા ડાન્સની અદ્‌ભુત રજૂઆત કરવામાં આવી હતી. આ પછી પરમાર હિરલ દ્વારા સોલો ડાન્સ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા માટે વિદ્યાર્થી પરીષદના વાઈઝ પ્રેસિડેન્ટ ડોના પ્રિમ, સેમેસ્ટર–૩ના વિદ્યાથીઓ કાર્તિક લાઠીયા, ધ્રુવ મુંજપારા, શિવમ પટેલ, કિંજલ પટેલ, શ્રધ્ધા પટેલ, પરમાર હિરલ, કાચા સિદ્ધાર્થ અને જરીવાલા પ્રજ્ઞેશ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવા મહેનત કરી. આ ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ભૌતિકવિજ્ઞાનના વિભાગીય અધ્યક્ષે પ્રસંગોચિત માર્ગદર્શન કર્યું.





















## Department of Sociology

### 'Life Beyond Death: Kidney Awareness & Organs Donation": સેમિનાર

યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબ્લ્યુ પ્રોગ્રામમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ તા. ૨૬/૮/૨૦૨૩ના રોજ 'Life Beyond Death: Kidney Awareness & Organs Donation' સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતું પ્રસંગને અનુરૂપ વકતવ્ય રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. દીપક તમાકુવાલા (સિનીયર નેફ્રોલોજીસ્ટ), કિડની અંગે વિગતે માહિતી આપી હતી તથા અંગદાનોનું ડોનેશન અંગે પોતાનું વ્યકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ તથા એમ.એસ. ડબલ્યુ પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર ડૉ. અરુણ પંડયા તથા અધ્યાપકોએ હાજર રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. બહાદુરસિંહ વસાવાએ કર્યું હતું. અને આભારવિધિ ડૉ. મનોજ શર્માએ કરી હતી.










### કોમ્યુનિકેશન સ્કિલ વિષય પર સેમિનારનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ તા. ૦૮/૦૮/૨૦૨૩ના રોજ કોમ્યુનિકેશન સ્કિલ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વિષય નિષ્ણાંત તરીકે ડૉ. મિલિંદ ધાયેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ માટે અસરકારક સંવાદ સાંધવા માટે આવશ્યક બાબતોની માહિતી આપી હતી. તેમજ સદર સેમિનારમાં સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ, એમ.એસ.ડબ્લ્યુના કો–ઓર્ડિનેટર ડૉ. અરૂણ પંડયા G-20ના કો–ઓર્ડિનેટર ડૉ.મોસમ આર. ત્રિવેદી અને અધ્યાપકો તથા વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા.









## Department of Statistics

### 'Be Ready for the Corporate World' વિષય પર ૧૦ દિવસીય વિભાગીય કક્ષાનો ટ્રેનિંગ પ્રોગ્રામ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગમાં તા. ૭/૮/૨૦૨૩ સોમવારના રોજ "Be Ready for the Corporate World" વિષય પર ૧૦ દિવસના વિભાગીય કક્ષાના ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન વિભાગના વડાશ્રી ડૉ. આરતી જે. રાજ્યગુરુના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકેવીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ભૌતિક વિભાગના વડાશ્રી તથા સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કિશોરસિંહ પોરિયા તથા ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. દિલીપ જોષી હાજર રહ્યા હતા. કાર્યક્રમનો શુભ પ્રારંભ સરસ્વતી વંદનાથી કરાવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં આંકડાશાસ્ત્ર વિભાગીના વડાશ્રી ડૉ. આરતી જે. રાજ્યગુરુ દ્વારા ટ્રેનિંગ પ્રોગ્રામની રૂપરેખા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય વકતાઓ શ્રી પ્રીત ખંડોર અને શ્રી રિંકેશ પારેખને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા સ્મૃતિભેટ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને વ્યવહારમાં અને કોર્પોરેટ વિશ્વમાં ઉપયોગી વિવિધ કૌશલ્ય અને કળા કેળવવા માટે પ્રોત્સાહિત કરાયા હતા, તથા વિવિધ જીવનલક્ષી ઉદાહરણો દ્વારા ભવિષ્ય માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન એડહોક આસિસ્ટન્ટ પ્રોફેસર કુમારી મેઘા બંસલ દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન G20 અંતર્ગત 'Working Group Sherpa Track- Employment & Education" હેઠળ વિભાગીય કક્ષાના G20 સંયોજક ડૉ. શીતલ એસ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કુલ ૮૬ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. વિભાગ, કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનો તેમની પ્રેરણા દાયક ઉપસ્થિતિ અને સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો. યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને તમામ સત્તાધીશો દ્વારા મળેલ તમામ પ્રકારના સમર્થન, સહકાર અને ત્વરિત પ્રતિસાદ આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.




















GPS Map Camera
Surat, Gujarat, India
Veer Narmad South Gujarat University, 5Q3J+45V, Surat, Gujarat 395007, India
Lat 21.152306°
Long 72.78068°
14/08/23 03:30 PM GMT +05:30
Google




GPS Map Camera
Surat, Gujarat, India
Veer Narmad South Gujarat University, 5Q3J+45V, Surat, Gujarat 395007, India
Lat 21.152375°
Long 72.780774°
14/08/23 01:27 PM GMT +05:30
Google




GPS Map Camera
Surat, Gujarat, India
5Q2J+R6C, Surat, Gujarat 395007, India
Lat 21.152121°
Long 72.780662°
10/08/23 01:51 PM GMT +05:30
Google





## કૉલેજ ન્યૂઝ

## જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### નવસર્જન આંતર કૉલેજ મહેંદી સ્પર્ધા






જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા. ૨/૮/૨૦૨૩ને બુધવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'નવસર્જન આંતર કૉલેજ મહેંદી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સના આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી અને શ્રી ધનેશભાઈ ગોળવાળા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી.રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. નેહાબેન ઉપાધ્યાય દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા.ડૉ. ઝંખનાબેન પરમાર દ્વારા મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજની ૪૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથક ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. ભૂમિકા રમેશભાઈ ગોહિલ, દ્વિતીય ક્રમે એસ.વી.પટેલ કૉલેજની વિદ્યાર્થીની કુ. ખુશી લલિતભાઈ પાનસેરિયા તેમજ તૃતીય ક્રમે વનિતા વિશ્રામ વુમેન્સ યુનિવર્સિટીની વિદ્યાર્થીની કુ.તન્વી બ્રિજેશકુમાર પટેલ વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે શ્રીમતિ ભૂમિબેન વસાણી અને શ્રી રીદ્ધીબેન ગાંગાણી હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા.પ્રિયંકાબેન ગાંગડવાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

### 'નારી–સશકિતકરણ' : દ્વિદિવસીય સેમીનાર





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં યુનિવર્સિટીના કુલગુરુશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન તથા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના નેતૃત્વ હેઠળ તા. ૩૧/૭/૨૦૨૩ અને તા. ૧/૮/૨૦૨૩ દરમ્યાન દ્વિદિવસીય 'નારી–સશકિતકરણ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વુમન એમ્પાવરમેન્ટ કમિટીના નેજા હેઠળ અમરોલી કૉલેજની ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓને Self-Awareness, Communication & Relationship, Choices and Decisions, Friendship and Temptation, Self-defense & Self Esteem અંગે શ્રીમતિ નેહાબેન ગાંધીએ માર્ગદર્શન આપ્યું હતું. મુખ્ય વકતાનો પરિચય પ્રા.ડૉ. ઝંખનાબેન પરમારે અને સેમિનારની પૂર્વભૂમિકા પ્રા.ડૉ.ઋજુતાબેન ગાંધીએ આપી હતી. કાર્યક્રમને અનુરૂપ વકતવ્ય ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી.રાણાએ આપ્યું હતું. સુજ્ઞશ્રી નેહાબેન ગાંધીએ વિદ્યાર્થીનીઓને બે દિવસ દરમ્યાન વિવિધ રમતો રમાડી–ગમ્મત સાથે જ્ઞાન આપ્યું હતું.

### ધૂમકેતુ આંતર કૉલેજ વાર્તાલેખન સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમાં તા. ૪/૮/૨૦૨૩ને શુક્રવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'ધૂમકેતુ આંતર કૉલેજ વાર્તાલેખન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે NEST-PRE Schoolના ફાઉન્ડર અને મેનેજીંગ ડિરેકટર

શ્રીમતી નેહાબેન ગાંધી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુ. હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કૉ–ઓર્ડિનેટર પ્રા. વિજયભાઈ ચૌધરી દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા.ડૉ.મયંકભાઈ સોઢા દ્વારા મહેમાનો તથા નિર્ણાયકનો પરિચય આપવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી મહેશભાઈ દાવડકર અને શ્રી સુનીલભાઈ શાહ હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. ચાંદનીબેન જોષી અને આભારવિધિ પ્રા. નિધિબેન વેકરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.



## સ્વ.જે.બી.શાહ પુરસ્કૃત 'પ્રિયદર્શિની' આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધા






જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આટ્‌સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૭–૮–૨૦૨૩ના રોજ ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સ્વ.જે.બી.શાહ પુરસ્કૃત પ્રિયદર્શિની' આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે સંસ્કાર વિદ્યામંદિર સ્કૂલના ઇ.ચા.આચાર્ય શ્રીમતી કિરણબેન કામદાર અને લીલાબા બોયઝ સ્કૂલના ઇ.ચા.આચાર્ય શ્રીમતી સ્મિતાબેન પોટલાવાલા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. ભરતભાઈ પટેલ દ્વારા મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય અને પ્રા.ડૉ. બળવંતભાઈ ઢીમ્મર દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૩૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે નવયુગ આટ્‌ર્સ કૉલેજનો વિદ્યાર્થી કુ.મેન્યુલ જોશુઆ, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ. આટ્‌ર્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. હેતલ કલસરીયા અને શ્રી એમ.કે.મહેતા કૉલેજ, ઉમરગામની વિદ્યાર્થીની સ્મૃતિબેન વણઝારા તેમજ તૃતીય ક્રમે જે.ઝેડ.શાહ. આટ્‌ર્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી બિંદેશ્વરભાઈ પાંડે અને વિદ્યાર્થીની કુ. સોનલબેન પાંડે રનીંગ શીલ્ડ તરીકે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી આશાબેન પારેખ અને શ્રી મનિષાબેન પટેલ હાજર રહ્યા હતા. સંચાલન પ્રા.કમલેશભાઈ સાવલિયા અને આભારવિધિ પ્રા.શ્વેતાબેન ગોલકીયા દ્વારા કરવામાં આવી હતી.

## 'સાંપ્રત આંતર કૉલેજ પોસ્ટર મેકિંગ સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આટ્‌ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૯–૮–૨૦૨૩ના રોજ ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સાંપ્રત' આંતર કૉલેજ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે અગ્રણી શ્રી મુકેશભાઈ દેસાઈ હાજર રહી

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ. રીતુ અગ્રવાલે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી અને પ્રા. કનુભાઈ સુતરીયાએ મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજોના ૨૬ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે શ્રી એમ.કે. મહેતા કૉલેજ ઓફ એજ્યુકેશનની વિદ્યાર્થીની કુ. સ્નેહા ટંડેલ અને ત્રીજા ક્રમે આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, અમરોલીનો વિદ્યાર્થી અંશુ મહેત અને શ્રી એમ.કે.મહેતા કૉલેજ ઓફ એજ્યુકેશનનો વિદ્યાર્થી દર્શનભાઈ હળપતિ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી અજીતસિંહ ખેર અને શ્રી જીગ્નેશભાઈ જરીવાલા હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન અને આભારવિધિ પ્રા. રાજ ડુમસિયા દ્વારા કરવામાં આવી હતી.

## વ્યાખ્યાન





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૦૯–૦૮–૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રોફેસર ઓફ પ્રેકટીસ અંતર્ગત વાડીયા વુમેન્સ કૉલેજના એકાઉન્ટન્સી વિષયના નિષ્ણાંત પ્રોફેસર ડૉ. ભરતભાઈ બી. ભંડારીનું એમ.કોમ.ની વિદ્યાર્થીનીઓ માટે ઈન્કમ ટેક્ષના એક ટોપીક 'ધંધો વ્યવસાયની આવક' પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.કોમ. સેમ.–૧ની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થીનીઓએ હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

## 'મેરી માટી મેરા દેશ' અંતર્ગત ' તિરંગા યાત્રા'નું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૧૨/૮/૨૦૨૩ના રોજ સવારે ૯:૦૦ કલાકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મેરી માટી મેરા દેશ' અભિયાન અંતર્ગત ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ સમગ્ર અમરોલી વિસ્તારમાં 'તિરંગાયાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના એન.એસ.એસ.ના સ્વયંસેવકો, સેવિકાઓ અને એન.સી.સી.ની. કેડેટ્સ તથા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સહિત કૉલેજના સંકુલના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓએ હાથમાં તિરંગા સાથે યાત્રામાં જોડાયા હતા. આ તિરંગા યાત્રામાં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રિ.ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, યુનિવર્સિટીના NSSના કૉ–ઓર્ડિનેટરશ્રી પ્રકાશચંદ્ર પટેલ, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ મંત્રીશ્રી અનુજભાઈ શાહ કૉલેજના સમગ્ર શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ યાત્રા ડી.જે.ના તાલ સાથે અમરોલી કૉલેજથી શરૂ થઈ હતી અને માનસરોવર સર્કલ કોસાડ જુનો રોડ–મનિષા ગરનાળા–સત્તાધાર ચોકડી–રઘુવીર ચોકડી–આમ, ભારતમાતાના જયઘોષ સાથે સમગ્ર અમરોલી વિસ્તારમાં તિરંગા યાત્રા પસાર થઈ હતી. 'મેરી માટી મેરા દેશ'ના આયોજન અન્વયે સમગ્ર અમરોલી વિસ્તારના રહીશોએ શુભેચ્છાઓ પાઠવી આવકાર અને સુંદર પ્રતિસાદ આપ્યો હતો.

## આંતર કૉલેજ સંસ્કૃત ' શ્લોક' પઠન સ્પર્ધાનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૧૪–૮–૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ સ્વ.ડૉ.રમાબેન એચ. પટેલ મેમોરિયલ મહર્ષિ અત્રિ આંતર કૉલેજ સંસ્કૃત શ્લોક પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે આંતરરાષ્ટ્રીય એલાયન્સ કલબના ભૂતપૂર્વ પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ ચાહવાલા, વાઈસ ડીસ્ટ્રીકટ ગવર્નર શ્રી કમલેશભાઈ ગાંધી અને ઝોન ચેરમેન શ્રી અશોકભાઈ મહેતા હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. જાનવી ચૌહાણે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. નરેન્દ્રભાઈ બારિયા દ્વારા સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. ચાંદનીબેન જોષી દ્વારા મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૨૩ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી અને શ્રી મનિષાબેન પટેલ હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા. સોનલબેન કાકલોતર અને આભારવિધિ પ્રા. જીજ્ઞાબેન રાણા દ્વારા કરવામાં આવી હતી.

'ધૂમકેતુ' આંતર કૉલેજ વાર્તાલેખન સ્પર્ધાનું પરિણામ, જેમાં પ્રથમ ક્રમે ઝેડ.એફ.વાડિયા વુમેન્સ કૉલેજ ઓફ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. ધારાબેન ગાંધી, દ્વિતીય ક્રમે ઝેડ.એફ.વાડિયા વુમેન્સ કૉલેજ ઓફ કોમર્સની કૉલેજની વિદ્યાર્થીની કુ. કુશંગી દારેકર અને તૃતીય ક્રમે વનિતા વિશ્રામ વુમેન્સ યુનિવર્સિટીની વિદ્યાર્થીની કુ. મેઘાબેન ગૌડા વિજેતા જાહેર થયા હતા.

## ૭૭મો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અને ધ્વજવંદન કાર્યક્રમ





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી કૉલેજના પટાંગણમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૨૩ને મંગળવારના રોજ વૈશ્વિક G-20, આઝાદી કા અમૃત મહોત્સવ, મેરી માટી મેરા દેશ અને હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ૭૭માં સ્વતંત્રતા દિન નિમિત્તે સવારે ૯:૩૦ કલાકે અમરોલી કૉલેજના ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી.રાણાના નેતૃત્વ હેઠળ જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમને ઓનલાઈન રાખી Microsoft Team, Zoom, YouTube, Twitter, Facebook, Instagramના માધ્યમથી વિદ્યાર્થી અને લોકો સુધી લાઈવ પ્રસારણ દ્વારા ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકોએ આ લાઈવ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાઈ ધ્વજવંદન કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ શાહ, સભ્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, ડૉ. લક્ષ્મણભાઈ પટેલ, શ્રી સ્નેહલભાઈ શાહ, એસ.પી.બી. સ્કુલના ઇ.ચા.આચાર્યશ્રી કેયુરભાઈ, નિવૃત્ત માજી સૈનિક શ્રી નરેન્દ્રભાઈ પટેલ તેમજ સમગ્ર સંકુલના શૈક્ષણિક વહીવટી સ્ટાફના સભ્યો સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે NCC CTO પ્રા.ડૉ.સોનલબેન જરીવાલા અને SUO વિધુતીકુમારી હડિયા, JUO નેહલકુમારી ગુજરીયાની રાહબરી હેઠળ એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓએ ભવ્ય પરેડ કરી હતી. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહે રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતની ભૂમિકા વિશે, દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા. સ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં બી.એ., બી.કોમ, બી.સી.એ., એમ.એ., એમ.કોમ., બી.સી.એ. કૉલેજના તેમજ ડૉ. બાબા આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્રના, સ્પોર્ટસના અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યા હતા. અમરોલી કૉલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી.રાણા દ્વારા પ્રસંગોચિત વકતવ્ય આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતે આભારવિધિ ડૉ. રૂસ્તમ એન.સદરીએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે NSS પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, પ્રા. નિહારીકાબેન જોષી અને પ્રા.ડૉ.મયંકભાઈ સોઢા તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો.

## 'અખંડભારત સંકલ્પ દિવસ' નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન






જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા.૧૪–૦૮–૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'અખંડભારત સંકલ્પ દિવસ' નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રા. મેઘાએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. મહેમાનો અને વકતાનો પરિચય પ્રા.ડૉ. મયંકભાઈ સોઢાએ આપ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ –ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે રાષ્ટ્રીય સેવક સંઘ (RSS)ના સક્રિય કાર્યકર શ્રી ભરતભાઈ ચૌધરી, શ્રી કનૈયાભાઈ શાહ, જીગ્નેશભાઈ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય વકતા તરીકે ડૉ. પ્રતિકભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને ભારતનો ભવ્ય ઈતિહાસ અને સ્વતંત્રતા મળ્યા પછી ભારતને એકસૂત્રે બાંધવા માટે એટલે કે અખંડ ભારતના સર્જન માટે લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે કરેલા પરિશ્રમથી વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા તેમજ તેમના યોગદાન વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.વિજયભાઈ ચૌધરી, પ્રા. જીતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, પ્રા. નિહારીકાબેન જોષી અને પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા તેમજ સ્વયંસેવક શ્રી ગૌરવ ચૌહાણ અને સ્વયંસેવિકા કુ. વિરલ માંગરોલા દ્વારા કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ.ના સ્વયંસેવક અનિકેત શિરોયા દ્વારા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકો/સેવિકાઓ હાજર રહ્યા હતા.

## વંદે ભારત 'આપણું ગુજરાત' આંતર કૉલેજ ક્વિઝ સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૧૭–૦૮–૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ વંદે ભારત 'આપણું ગુજરાત' આંતર કૉલેજ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે સુરત ડિસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંક હેડ ઓફિસના મેનેજર શ્રી જીગરભાઈ દેસાઈ અને અમરોલી બ્રાંચના મેનેજર શ્રી પારૂલબેન પટેલ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ. સેજલબેન દેસાઈએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા.ડૉ. મયંકભાઈ સોઢાએ મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના

નિયમો વિશે સમજ પ્રા. રોહિતભાઈ ચૌહાણ દ્વારા આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૩૮ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થી શ્રી કાનો ભાદરકા અને શ્રી જયદીપ દાભી, દ્વિતીય ક્રમે કુ. સ્નેહા રાવલ અને કુ. જયનિકા હડિયા તેમજ ત્રીજા ક્રમે એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજનો વિદ્યાર્થી સ્મિત કોટર અને અજુ ભરવાડ તથા આશ્વાસન ઈનામ તરીકે નવયુગ કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી અભિષેક પટેલ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.ડૉ. સેજલબેન દેસાઈ હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા.મનિષભાઈ ટેલર અને આભારવિધિ પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## આંતર કૉલેજ પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૧૯–૮–૨૦૨૩ને સોમવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ રામવન ટ્રસ્ટ પુરસ્કૃત 'પ્રકૃતિ સંવર્ધન' આંતર કૉલેજ પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે માધવબાગ વિદ્યાભવનના આચાર્યશ્રી ડિમ્પલબેન પટેલ અને ઉપાચાર્યશ્રી ડિમ્પલબેન ગોહેલ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નૂપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.ભરતભાઈ પટેલે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. નિધિબેન વેકરીયાએ મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૧૦ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે નવયુગ આર્ટ્સ કૉલેજનો વિદ્યાર્થી જોશુઆ માર્ટીન, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થી શેખ મો. તુફેલ અને સી.એન.કોઠારી હોમિયોપેથિક કૉલેજની વિદ્યાર્થીની કુ.હિતેશી પટેલ, ત્રીજા ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. હેતલ કલસરિયા અને નવયુગ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ.પૂનમ કનોજીયા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી આશાબેન પારેખ અને શ્રી સંજયભાઈ બોસમિયા હાજર રહ્યા હતા. સંચાલન અને આભારવિધિ પ્રા. નિધિબેન વેકરીયાએ કરી હતી.

## વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિત્તે જીલ્લા કક્ષાના સર્જન કેન્દ્રની સ્થાપના





તા. ૨૧–૦૮–૨૦૨૩ને સોમવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને 'સ્વાવલંબી ભારત અભિયાન' દ્વારા આયોજિત 'વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં 'જીલ્લા કક્ષાના સર્જન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સ્વદેશી જાગરણ મંચના રાષ્ટ્રીય સંગઠક શ્રી કાશ્મીરી લાલજીએ આત્મનિર્ભરતાની જરૂરિયાત પર વ્યાખ્યાન તથા અલગ અલગ ઉદાહરણો દ્વારા સ્વાવલંબન માટે યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ ઓનલાઈન જોડાઈ પોતાના વિચારો રજૂ કર્યા હતા. કેબીનેટ કક્ષાના શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ તેમજ રાજ્યકક્ષાના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મંત્રીશ્રી ડૉ.

કુબેરભાઈ એમ. ડીડોર ઓનલાઈન જોડાઈને વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના કન્વેન્શન હોલ ખાતે ચાલી રહેલા આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ થયું હતું. તેમાં કૉલેજના પ્રિ.ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા અને N.S.S. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. નિહારિકાબેન, પ્રા. જે.બી.ચૌધરી, પ્રા.વી.એમ.ચૌધરી તથા કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજના સાથે જોડાયેલા સ્વયંસેવકો/સેવિકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના N.S.S. વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્રજીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી હતી.

## શ્રી આનંદકર ધ્રુવ આંતર કૉલેજ પુસ્તકસમીક્ષા સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૨૨–૦૮–૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણના માર્ગદર્શન હેઠળ શ્રી આનંદશંકર ધ્રુવ આંતર કૉલેજ પુસ્તકસમીક્ષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે આંતરરાષ્ટ્રીય એલાયન્સ કલબના ડીસ્ટ્રીકટ ગવર્નર શ્રી યોગેશભાઈ શાહ, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ ચાહવાલા, શ્રી જ્યોતિબેન શાહ અને ઝોન ચેરમેન શ્રી અશોકભાઈ મહેતા હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. જાનવી ચૌહાણએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. કનુભાઈ પટેલે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. મનિષભાઈ ટેલર દ્વારા મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કોલેજોના ૨૩ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ઝેડ.એફ.વાડિયા વુમેન્સ કૉલેજ ઓફ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ.કુશંગી દારેકર, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. કરિશ્મા પીપલિયા તેમજ ત્રીજા ક્રમે જે.બી.ધારુકાવાલા કૉલેજની વિદ્યાર્થીની કુ.દ્રષ્ટી દેસાઈ તથા આશ્વાસન ઇનામ તરીકે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. હેતલ કલસરિયા વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી આશાબેન પારેખ, શ્રી મોહમદ જાવીદભાઈ કરોડિયા અને શ્રી મુકેશભાઈ દલાલ હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન બોરડ નેન્સી દ્વારા અને આભારવિધિ પ્રા. પ્રિયંકાબેન બેરા દ્વારા કરવામાં આવી હતી.

## સ્વ. પ્રિ. જે.બી.શાહ પુરસ્કૃત ચં.ચી.મહેતા આંતર કૉલેજ એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૨૪/૮/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સ્વ. પ્રિ. જે.બી. શાહ પુરસ્કૃત ચં.ચી.મહેતા આંતર કૉલેજ એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે લીલાબા સ્કૂલના આચાર્યશ્રી શ્રીમતી દર્શનાબેન પંડયા અને શિક્ષિકા શ્રીમતી અમીબેન પટેલ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય. બી.કોમની વિદ્યાર્થીની કુ. હેપ્પી પ્રજાપતિએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.નેહાબેન

ઉપાધ્યાયએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે સમજ પ્રા. રાજ ડુમસીયા દ્વારા આપવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજોના ૧૨ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. ઉન્નતિ સિરસઠ, દ્વિતીય ક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થીની કુ. વૃંદા બારૈયા અને ત્રીજા ક્રમે સી.ડી.બરફીવાલા કૉલેજનો વિદ્યાર્થી ગૌતમ સુવાગીયા તેમજ જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. ઉન્નતિ સિરસઠ અને કુ. તોર્વેશા પટેલ રનીગ શીલ્ડના વિજેતા તરીકે જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી ભરતભાઈ ભટ્ટ, શ્રીમતી સપનાબેન શેઠ અને શ્રીમતી સોનાલીબેન યાદવ હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનુ સંચાલન ધ્રુવી વાઘાણી અને કૃપાલી બરવલીયા દ્વારા તેમજ આભારવિધિ પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર દ્વારા કરવામાં આવી હતી.

## શ્રી આર.એમ.દેસાઈ પુરસ્કૃત વીર નર્મદ આંતર કૉલેજ પાદપૂર્તિ સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૨૬/૮/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ શ્રી આર.એમ.દેસાઈ પુરસ્કૃત વીર નર્મદ આંતર કૉલેજ પાદપૂર્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના સભ્યશ્રી જયંતકુમાર પટેલ, આંતરરાષ્ટ્રીય એલાયન્સ કલબના અધ્યક્ષ કનૈયાભાઈ દોરીવાલા, ભૂતપૂર્વ ડીસ્ટ્રીકટ ગવર્નર VMCC શ્રી નરેન્દ્રભાઈ નેમલાવાલા, ભૂતપૂર્વ ડીસ્ટ્રીકટ ગવર્નર વિષ્ણુભાઈ પુનીવાલા અને ડીસ્ટ્રીકટ ટ્રેઝરર શ્રી ગિરીશભાઈ દાણેચા હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નૂપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ.બલવંતભાઈ ઢીમ્મરે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. ચાંદનીબેન જોષીએ મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે સમજ પ્રા. શ્વેતા ગોલકીયાએ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજોના ૧૨ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી મહેશભાઈ દાવડકર અને શ્રી સુનીલભાઈ શાહે સેવા આપી હતી. સંચાલન ટી.વાય. બી.કોમ.ના વિદ્યાર્થી રોહન રામી દ્વારા તેમજ આભારવિધિ પ્રા. વિજયભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી.

## 'રાષ્ટ્રીય રમતગમત દિવસ'ની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૨૮–૮–૨૦૨૩ના રોજ યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ફિટ ઈન્ડિયા મિશન અંતર્ગત મેજર ધ્યાનચંદના જન્મ દિવસ નિમિત્તે ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રીય રમતગમત દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે વિવિધ રમત તેમજ મેજર ધ્યાનચંદના વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું ઉદઘાટન ઇ.ચા.પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. જિતેન્દ્ર ચૌધરી, પ્રા. નિહારીકાબેન જોષી, પ્રા. પંકજભાઈ નાયકા અને પ્રા.ડૉ. મયંકભાઈ સોઢા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. સ્વયંસેવકો/સ્વયંસેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લીબુ ચમચી, ટૂંકી દોડ, સંગીત ખુરશી, પંજો, ચેસ, રસ્સા ખેચ જેવી અલગ અલગ રમતો રાખવામાં આવી હતી. આ તમામ રમતોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિજેતા બન્યા હતા. તમામ વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## 'મેઘધનુષ' આંતર કૉલેજ રંગોળી સ્પર્ધા





જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૩૧/૮/૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ. ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'મેઘધનુષ' આંતર કૉલેજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે સુરત ડિસ્ટ્રીકટ કૉ–ઓપરેટીવ બેંક અમરોલી બ્રાંચના મેનેજર શ્રી પારૂલબેન પટેલ અને અમરોલી જલારામ મંદિરના ટ્રસ્ટી શ્રી બિપિનભાઈ પટેલ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. નૂપુર શાહે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણા દ્વારા શબ્દો અને પુસ્તકથી મહેમાનો તથા નિર્ણાયકશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના કો–ઓર્ડિનેટર પ્રા. બિંદુબેન ઠાકોરે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ અને પ્રા. ડૉ. ઝંખનાબેન પરમારે મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. સ્પર્ધાના નિયમો વિશે પ્રા.નિહારિકાબેન જોષીએ સમજ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જુદી જુદી કૉલેજાના ૨૦ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે આર.વી. પટેલ કૉલેજ ઓફ કોમર્સનો વિદ્યાર્થી શ્રી અંશુ મહેતા, દ્વિતીય ક્રમે એસ.વી.પટેલ કૉલેજની વિદ્યાર્થીની કુ. પૃષ્ટિ વઘાસિયા અને જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીનો વિદ્યાર્થી શ્રી ધ્રુવિન ધામેલિયા તેમજ ત્રીજા ક્રમે એમ.કે.મહેતા કૉલેજની વિદ્યાર્થીની કુ. પિંકી હળપતિ અને જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી કુ. ધ્રુવી પાંડવ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી જીજ્ઞાબેન દેસાઈ અને શ્રી રાકેશભાઈ ટેલર હાજર રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન તેમજ આભારવિધિ પ્રા. શિવાની રાજપૂત દ્વારા કરવામાં આવી હતી.

## પીએચ.ડી.




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી.રાણાના માર્ગદર્શન હેઠળ, જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં વીઝીટીંગ પ્રોફેસર તરીકેની ફરજ બજાવતા ચીખલીના મૂળવતની શ્રી યોગેશકુમાર નરેન્દ્રભાઈ પરમાર દ્વારા "A Comparative Study of Financial Performance of Electricity Companies of Gujarat"ના શીર્ષક હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કરવામાં આવ્યો હતો. જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી કોમર્સ/એકાઉન્ટનસીના વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. ઇલેક્ટ્રીસીટી ઉદ્યોગ ભારતની અર્થવ્યવસ્થાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ગુજરાતની ચાર મુખ્ય UGVCL, PGVCL, MGVCL અને DGVCL કંપનીઓનું નાણાંકીય કામગીરીનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. શ્રી યોગેશકુમાર નરેન્દ્રભાઈ પરમારને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેમજ સમગ્ર યુનિવર્સિટી પરિવાર, જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અને અમરોલી કૉલેજ પરિવાર શુભેચ્છા પાઠવે છે.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### ઈનામ વિતરણ કાર્યક્રમ











જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૦૪/૦૮/૨૦૨૩ના રોજ બી.સી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી બી.સી.એ. સેમેસ્ટર–૨, સેમેસ્ટર–૪ અને સેમેસ્ટર–૬માં યુનિવર્સિટીના પરિણામ મુજબ કૉલેજ કક્ષાએ સૌથી વધુ ગુણ મેળવનાર ટોપ ૧૦ વિદ્યાર્થીઓનું ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી માધવજીભાઈ માંગુકીયા, એમ.ડી.લેન્ડમાર્ક તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી કાંતીભાઈ શાહ, મેમ્બરશ્રી મહેન્દ્રભાઈ સોલંકી તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત શાળાના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બી.સી.એ.ના કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, બી.બી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા, બી.કોમ કો–ઓર્ડિનેટર પ્રા.ધરીત નાયક, બી.સી.એ વિંટર કો–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાલા તેમજ સમગ્ર સ્ટાફના સભ્યો હાજર રહ્યા હતા. ઇનામ વિતરણ કાર્યક્રમ બે ભાગમાં વહેંચાયેલ હતો. પ્રથમ ભાગમાં સૌ પ્રથમ ડૉ. લલિત બલદાણીયાએ 'યત ભવો તત ભવતિ' વિષય પર પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કર્યુ હતું. કાર્યક્રમના બીજા ભાગમાં શ્રેષ્ટ ગુણ મેળવનાર વિદ્યાથીઓને મહેમાનોના હસ્તે ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ.હિરલ પટેલ અને પ્રા.દમ્યંતી પટેલે કર્યું હતું. આભારવિધી ડૉ. જૈમીન શુકલા અને ડૉ. વિરલ પોલીસવાલાએ કરી હતી. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### ઈનામ વિતરણ કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૭/૮/૨૦૨૩ના રોજ બી.કોમ. અને બી.બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી સેમેસ્ટર–૨, સેમેસ્ટર–૪ અને સેમેસ્ટર–૬માં યુનિવર્સિટીના પરિણામ મુજબ કૉલેજ કક્ષાએ સૌથી વધુ ગુણ મેળવનાર ટોપ ૧૦ વિદ્યાર્થીઓ તેમજ એન.એસ.એસ., એન.સી.સી. અને સ્પોર્ટસના વિદ્યાર્થીઓ મળી કુલ ૨૮૦ વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી મિતેશ દુઆની, શ્રી કાનજીભાઈ ભાલાલા તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખ ભાનુભાઈ શાહ, માનદ્મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, મેમ્બરશ્રી મહેન્દ્રભાઈ સોલંકી હાજર રહ્યા હતા. તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત શાળાના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા બી.કોમ. કો–ઓર્ડિનેટર પ્રા. ધરીત નાયક, બી.બી.એ. કો–ઓર્ડિનેટર

ડૉ. સ્વાતી મહેતા, બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, બી.સી.એ. વિંટર કો–ઓર્ડિનેટર ડૉ.વિરલ પોલીસવાલા તેમજ સમગ્ર સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા. સૌ પ્રથમ દીપપ્રાગત્ય અને પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શ્રી મીતેશ દુધાનીએ Succss Mantra, શ્રી કાનજીભાઈ ભાલાલાએ આદર્શ વિદ્યાર્થી પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કર્યુ હતું. જયારે શ્રેષ્ટ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ટ્રોફી તેમજ ટોપ ૧૦ વિદ્યાર્થીઓ અને એન.એસ.એસ, એન.સી.સી., સ્પોર્ટસના વિદ્યાર્થીઓને ઈનામ રૂપી સ્મૃતિ ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.












## 'આરોગ્યમ' અંતર્ગત સેમિનાર









જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૭–૮–૨૦૨૩ના રોજ 'આરોગ્યમ', 'સ્વાસ્થયમ પરમં ધન' અંતર્ગત શાળા/કૉલેજના સ્ટાફ સભ્યો તેમજ કૉલેજના વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ દીપ પ્રાગત્ય અને પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સમારંભના મુખ્ય વકતા યોગ ગુરૂ શ્રી શંભુ શરણ ઝા હાજર રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખ ભાનુભાઈ શાહ, માનદ્‌મંત્રી શ્રી અશ્વિનભાઈ પટેલ, મેમ્બર શ્રી મહેન્દ્રભાઈ સોલંકી હાજર રહ્યા હતા. તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત શાળાના આચાર્ય શ્રી દિલીપભાઈ પરમાર અને શ્રી કેયુરભાઈ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ આધ્યાત્મિક ગુરૂશ્રી બાલુકાકાએ શ્રી શંભુ શરણજીનો પરિચય આપ્યો હતો. યોગ ગુરૂ શ્રી શંભુ શરણ ઝા એ પ્રાણાયમના ૫ (પાંચ) પ્રકાર અને જીવનમાં યોગના મહત્ત્વ વિશે ચર્ચા કરી હતી. તેમજ માનવ શરીરને રીલેક્સ કરવા માટે રોજ ૦૭ મિનીટ જીવન માટે ફાળવી યોગ/ કસરતો કરવા અંગે માહિતી આપી હકતી. સેમિનારમાં કુલ ૩૧૫ જેટલા શાળા/કૉલેજના સ્ટાફ સભ્યો અને વિદ્યાથીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કૉલેજના

આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો અને આભારવિધિ પ્રા.ડૉ.અનિલા પિલ્લાઈએ કરી હતી. અંતે રાષ્ટ્રગીતથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## સેમિનાર

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ કોલેજમાં તા.૧૯/૮/૨૦૨૩ના રોજ એસ.વાય. બી.બી.એ. અને ટી.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. એસ.વાય. બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે એક વ્યવસાય તરીકે ફોટોગ્રાફી પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વકતા તરીકે મેકસમીડિયા સ્ટુડિયો અને એકેડમીના શ્રી નયનભાઈ ચોકસી હાજર રહિયા હતા, શ્રી નયનભાઈ ચોકસીએ ફોટોગ્રાફીને વ્યવસાય તરીકેના ઉપયોગ અંગે વિદ્યાર્થીને વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે ટી.વાય. બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વકતા તરીકે પરીક્ષા શાળાના શ્રી હરેન્દ્ર સિંહ તોમર રહ્યા હતા. એસ.વાય. બી.બી.એ. અને ટી.વાય.બી.બી.એ.ના તમામ વિદ્યાર્થીઓ તેમજ બી.બી.એ. સ્ટાફ સભ્યોએ સેમિનારમાં ભાગ લીધો હતો. સંચાલન આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.બી.એ.ના કો-ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતા તેમજ પ્રા. રાકેશ પટેલે કર્યું હતું.







## આંતર કૉલેજ એક પાત્રીય અભિનય સ્પર્ધા

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કૉમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા આંતર કૉલેજ એક પાત્રીય અભિનય સ્પર્ધાનુ આયોજન તા. ૨૧/૮/૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું. જેમાં મુખ્ય મહેમાન તરીકે સોનઈ વૈદ્ય કુલકર્ણી હાજર રહ્યા હતા તેમજ નિર્ણાયક તરીકે મિહિર પાઠકએ સક્રિય ભૂમિકા ભજવી હતી. સ્પર્ધામાં વિવિધ કૉલેજમાંથી કુલ ૩૨ કૃતિઓ ભજવાયી હતી. સ્પર્ધામાં ઉન્નતિ શિરસાથ પ્રથમ (જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ અમરોલી), નિકિતા જાદવ દ્વિતીય (જિલ્લા શિક્ષણ તાલીમ ભવન નવસારી), અને ખુશી નાયક (ડી.આર.બી. કૉલેજ સુરત) અને હિરવા કાર્ય (આર.વી.પટેલ કોલજ અમરોલી) તૃતીય સ્થાને વિજેતા રહ્યાં હતાં. સ્પર્ધાનું સંચાલન આચાર્યશ્રી પ્રિ.ડૉ.મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. ધ્રુવ રોહિત ગંગાડવાળાએ સફળતાપૂર્વક કર્યું હતું.













## 'રકતદાન શિબિર'

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કૉમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા.૨૬/૦૮/૨૦૨૩ના રોજ રકતદાન શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. રકતદાન શીબીરના ઉદ્ઘાટન સમારંભમાં ફેમીલી ફિઝિશયન એસોસીએશન–સુરતના પ્રેસીડન્ટ ડૉ. સુરેન્દ્રભાઈ પ્રજાપતિ, મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ ગતીવાલા તેમજ રકતદાતાને સ્મૃતિ ભેટ આપનાર યુનિવર્સિટીના સેનેટ મેમ્બર ડૉ. સતિશ પટેલ, લાયન્સ કલબના શ્રીધનેશભાઈ ગોળવાલા, ડાયરેકટર એમજીએસ પ્રા.લી.ના શ્રી ગગનરાજભાઈ, HDFC બેંકના શ્રી જતિનભાઈ વશી, શ્રી જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ શાહ, મેમ્બરશ્રી મહેન્દ્રભાઈ સોલંકી તેમજ યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી કિશોર પોરીયા, શ્રી કશ્યપ ખરચીયા તથા યુનિવર્સિટી સેનેટ સભ્યશ્રી દિશાંત બાગરેચા, શ્રી અમિતભાઈ નાથાણી, શ્રી ભાર્ગવ રાજ્યગુરૂ, શ્રી ગણપતભાઈ ધામેલીયા, શ્રી પ્રદ્યુમન જરીવાલા તેમજ ડીવાઈન આઈ હોસ્પીટલના ડૉ. તુષાર પટેલ તથા નવયુગ કૉલેજના આચાર્ય ડૉ. વિનોદભાઈ પટેલ, બી.બી.એ. ધારૂકાવાલા કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી ગોવિંદભાઈ ધીનૈયા હાજર રહ્યા હતા. રકતદાન શીબીર દરમ્યાન ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ અમૂલ્ય હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રકતદાન માટે વિદ્યાર્થી જાગૃતતા અને ઉત્સાહ સાથે હાજરી જોઈ વિદ્યાર્થીઓના આ યોગદાનને વખાણ્યા હતા. રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓએ તથા કૉલેજનાં સ્ટાફ સભ્યોએ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. રકતદાન શિબિરના અંતે ૨૭૩ જેટલી બોટલનું રકતદાન થયું હતું. તમામ રકતદાતાઓને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડૉ.મુકેશભાઈ ગોયાણી, બી.સી.એ. કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. જૈમીન શુકલા, બી.કોમ. કો–ઓર્ડિનેટરશ્રી ધરીત નાયક, બી.સી.એ. વિંટર કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. વિરલ પોલીશવાળા, NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેન્કા, પ્રા. જયોકિતા ટેલર તેમજ તમામ સ્ટાફ સભ્યો તથા NSS ના સ્વયંસેવકો તથા NCC ગર્લ્સ કેડેટના સહકારથી સફળતાપૂર્વક યોજી શકાયો હતો.




















## આંતર વર્ગ સાંસ્કૃતિક સ્પર્ધા







જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કૉમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા આંતર વર્ગ સાંસ્કૃતિક સ્પર્ધાઓ જેવી કે આરતી થાળી ડેકોરેશન, મટુકી ડેકોરેશન તેમજ રાખડી સ્પર્ધાનું આયોજન તા. ૨૪–૦૮–૨૦૨૩ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી દીપકભાઈ ખેની અને નીલા વરીયાએ નિર્ણાયક તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી. પ્રિ.ડૉ. મુકેશ ગોયાણી અને બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ. જૈમિન શુક્લ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાઓમાં ૮૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિજેતા તરીકે મટુકી ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક સાવલિયા હીર (SYBCA) અને ગધેચા હેત (FYBCA), દ્વિતીય ક્રમાંક સિથાનવાળા વૈભવી (SYBCA) અને પરમાર ઝલક (FYBCA) તૃતીય ક્રમાંક વારલેકર સૃષ્ટિ (SYBCA) અને કાછડિયા ધ્રુવી (TYBCA), અને આશ્વાસન ઈનામ પીપળીયા ફોરમ (FYBCA), આરતી થાળી ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રજાપતિ મહેક (FYBCA) અને પડસાળા સુજલ (SYBCA), દ્વિતીય ક્રમાંક ધોરી નેન્સી અને ગજેરા મિત (SYBCA), તૃતીય ક્રમાંક પ્રજાપતિ માનસી અને સરવૈયા જય (FYBCA) અને આશ્વાસન દેવાની દ્રષ્ટી (SYBCA), રાખડી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક રૂપાણી જાન્વી (TYBCA) અને પાનસુરીયા કેયૂર (SYBCA), દ્વિતીય ક્રમાંક ભટસાના તુલસી અને પરમાર રાજ (SYBCA), તૃતિય ક્રમાંક કળથીયા દ્રષ્ટિ (SYBCA) અને ઇટાલીયા હિરવ (FYBCA) અને આશ્વાસન મોદી ખુશી (SYBCA) પર રહ્યા. સ્પર્ધાનું સંચાલન પ્રિ.ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. રાગીની પ્રસાદ તેમજ પ્રા. કૃપાલી પટેલ અને પ્રા. નેન્સી મોદીએ સફળતાપૂર્વક કર્યું હતું.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### વકતૃત્વ સ્પર્ધા

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં NCC યુનિટ આઝાદી કા અમૃત મહોત્સવ અને G-20 અંતર્ગત 'પર્યાવરણ સંરક્ષણમાં યુવાનોની ભૂમિકા' વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાના પ્રથમ વિજેતા યાદવ અંશુ (એફ.વાય.બી.કોમ.) પ્રાપ્ત કર્યો હતો. દૂબે આંચલ (એફ.વાય.બી.કોમ.) બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. અને ચુડાસમા ઉર્મિલા (એસ.વાય.બી.કોમ.) ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ દરેક વિજેતાઓને કૉલેજના આચાર્ય પ્રા. વર્ષાબેન રાણાએ વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. આમ કૉલેજના ઈ.ચા. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. નિર્ણાયક તરીકેની ભુમિકા ડૉ. નરેન્દ્રભાઈ સોલંકી તથા પ્રો. હરમિતસિંહ સરદારે ભજવી હતી આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.સી.સી. ઓફિસર ડૉ. સોનલબેન વસાવાએ કર્યું હતું. કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.










## Impotance of Millets for Health: વ્યાખ્યાન

એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં એન.સી.સી. યુનિટ તથા મહિલા સમિતિના અંતર્ગત સ્વાસ્થય જાળવવામાં ધાનનું શું મહત્ત્વ રહેલું છે? તે વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ.અરિશતાબેન ગામીતે (એચ.આર.આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ નવસારી) એમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, મિલેટ એટલે શું? મિલેટ્સના પ્રકારો વિશે અને એમાં કયાં કયાં પોષક તત્વો હોય છે, જે આપણી હેલ્થ માટે ખૂબ જ જરૂરી છે તથા અનેક પ્રકારના રોગોનો સામે લડવા જરૂરી છે. એના વિશે ઊડાંણમાં ચર્ચા કરી હતી. ભારતમાં મિલેટ્સનું ઉત્પાદન કરનાર ટોચના રાજ્યો વિશે તેમજ ભારત દેશ યુ.કે, યુએસએ, નેપાલ સાઉદી અરેબીયા જેવા દેશોમાં નિકાસ કરે છે. એના વિશે પણ માહિતી આપી હતી. મિલેટ્સની અલગ અલગ રેસીપી વિશે માહિતી આપી હતી. કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા. વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક તથા પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના એનસીસી ઓફિસર સબ લેફટનન્ટ ડૉ. સોનલબેન વસાવાએ કર્યુ હતું. આભારવિધિ પ્રા. દીપિકાબેન લાડે કરી હતી. કૉલેજના ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ સભ્યોનો પણ ખૂબ સારો સહકાર મળ્યો હતો. આમ, આ કાર્યક્રમ ખૂબ સારી રીતે સંપન્ન થયો હતો.






## 'મેરી માટી મેરા દેશ' અંતર્ગત દેશભકિત ગીત સ્પર્ધા

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં એન.એસ.એસ. અને ગીત સંગીત ધારા હેઠળ દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન થયું હતુ. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રા. દીપિકાબેન લાડ તથા અંજલીબેન પટેલે નિર્ણાયક તરીકે સેવા પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પાર્થ ઠક્કરે ઇ.ચા.વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.








## મને ગમતું પુસ્તક પર વાર્તાલાપ

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના ઉપક્રમે 'મને ગમતું પુસ્તક વાર્તાલાપ' યોજવામાં આવ્યો હતો. નોલેજ સોસાયટીના યુગમાં પુસ્તકો આપણાં સાચાં રાહબરી બની શકે છે. જ્ઞાન મેળવવું એ આત્માની ભૂખ છે. આ ભૂખ વાંચનથી સંતોષાય છે. વાંચન માનવીને કેળવે છે, ઘડે છે તથા માનવીની વિચાર ક્ષિતિજોને વિસ્તારે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૬ વિદ્યાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઇ.ચા.આચાર્યશ્રી વર્ષાબેન બી. રાણાએ પ્રસંગોચિત પ્રવચન કરી વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરુચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ કોલેજના ગ્રંથપાલશ્રી આર.એમ.પટેલે કરી હતી.











## રાખી મેકીંગ સ્પર્ધા

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ બી.કોમ દ્વારા સર્જનાત્મક અભિવ્યકિત ધારા હેઠળ રાખી મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમ પાંચાલ આર્ચી કે., દ્વિતીય ક્રમ પટેલ શ્રુતિ. એમ. અને તૃતીય ક્રમ રોહિત ધાર્મિક દી.એ પ્રાપ્ત કર્યો હતો. ઇ.ચા.પ્રિ. વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. અંજલી પટેલ અને પ્રિયંકાબેન પટેલે કર્યું હતું. નિર્ણાયક તરીકે પ્રા. યોગીની બેન પ્રજાપતિ તથા સ્વીટી બેન પરમાર એ સેવા આપી હતી.



## શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત.

## એન્ટીરેગીંગ સપ્તાહની ઊજવણી

શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત ખાતે એન્ટી રેગિંગ કાર્યક્રમની શરૂઆત કૉલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એલ. વરસાણીના વકતવ્યથી કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, રેગીંગ એટલે સિનિયર વિદ્યાર્થી જુનિયર વિદ્યાર્થીને હેરાન અથવા માનસિક રીતે ટોર્ચર કરે. વિદ્યાર્થી કનડગતથી માનસિક રીતે તૂટી જાય. આપણે સાથી મિત્રોને સારા શબ્દોથી પ્રોત્સાહિત કરી તેમની કારકિર્દી ઉજવળ બનાવવાની છે. વિદ્યાર્થીઓમાં જુનિયર કે સિનિયર વિદ્યાર્થીનો ભેદભાવ હોવો જોઈએ નહીં. આ કૉલેજમાં ટી.વાય.ની. વિદ્યાર્થીની બહેનો એફ.વાય.માં પ્રવેશ મેળવતી

વિદ્યાર્થીનીઓનું સ્વાગત કરે છે. આનાથી વિદ્યાર્થીઓમાં સારા વિચારો તથા સારી ભાવનાઓનું સર્જન થાય છે. આપણી સાથે અભ્યાસ કરતો મિત્ર આપણને જિંદગીભર યાદ કરતો રહેશે. આ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થી બહેનોને એન્ટી રેગીગને લગતી ફિલ્મ બતાવવામાં આવી હતી. તથા વિદ્યાર્થીનીઓમાં જાગૃતિ લાવવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### મને ગમતું પુસ્તક સ્પર્ધા

શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં જ્ઞાનધારા અને ગ્રંથાલય સમિતિ દ્વારા 'મને ગમતું પુસ્તક' સ્પર્ધાનું આયોજન આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ વરસાણીના અધ્યક્ષ સ્થાને થયું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. મહેશભાઈ પટેલ હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. દેસાઈ દ્દષ્ટિ બી. (T.Y.B.A.), બીજા ક્રમે દેધાત કૃતિ (S.Y.B.A.), ત્રીજા ક્રમે સિસારા શિતલ (S.Y.B.A.)ની વિદ્યાર્થીનીઓ વિજેતા બની હતી.

## મહાજન અનાથ બાળાશ્રમ કોમર્સ કૉલેજ, કતારગામ.

### પોસ્ટર મેકિંગ સ્પર્ધા





મહાજન અનાથ બાળાશ્રમ સંચાલિત મહાજન અનાથ બાળાશ્રમ કોમર્સ કૉલેજ, કતારગામમાં તા. ૨૬–૮–૨૦૨૩ના રોજ F.Y.B.Com.ના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ટેકનોલોજી વરદાન કે અભિશાપ, મારી સંસ્કૃતિ મારું ગૌરવ, આગામી પેઢી માટે પૃથ્વીનું રક્ષણ, તેમજ આજનું શિક્ષણ એ જ ભવિષ્યનો સંચાર જેવી થીમ રાખવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. ચક્ષુબેન શાહને આમંત્રિત કરવામાં આવેલ હતા. સ્પર્ધામાં ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે પ્રી. ડૉ. મુકેશ આર. ગોયાણી, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને શ્રી તેજસભાઈ મર્ચન્ટ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ ક્રમાંકે પોપનીયા પ્રાંજલ હરેશભાઈ, બીજા ક્રમાંકે સીદકી જન્નત સફીક અને તૃતીય ક્રમાંકે રાણા દિપાલી યોગેશભાઈ જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજ સ્ટાફના માર્ગદર્શક હેઠળ થયેલ હતું.

## એચ. આર. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારી.

### સ્વતંત્રદિનની ઉજવણી

૧૫મી ઓગષ્ટ સ્વતંત્ર દિન નિમિત્તે એચ.આર.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ નવસારી દ્વારા ધ્વજ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના આચાર્ય ડૉ.નઝમા એ. મલિક, એન.સી.સી. કો–ઓર્ડિનેટર, પ્રા.અરિશતાબેન ગામીત, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.એન.એસ.માસ્ટર, સર્વે સ્ટાફમિત્રો તેમજ વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. પ્રાસંગિક પ્રવચન કૉલેજના આચાર્ય નઝમા એ. મલિક દ્વારા કરવામાં આવ્યું હતું. સ્ટાફમિત્રો મોટી સંખ્યામાં વિદ્યાર્થીમિત્રો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### 'મેરી માટી મેરા દેશ' – વૃક્ષારોપણ કાર્યક્રમ

તા. ૨૩/૮/૨૦૨૩ને બુધવારના રોજ એચ.આર.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ નવસારીમાં 'મેરી માટી મેરા દેશ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નઝમા એ. મલેક, NSS કો–ઓર્ડિનેટર, પ્રા. એન.એસ.માસ્ટર, સર્વે સ્ટાફ મિત્રો તેમજ NSS ના સ્વયં સેવકો ઉપસ્થિત રહ્યા હતા.

### રક્ષાબંધનની ઉજવણી

તા. ૩૧/૮/૨૦૨૩ને ગુરુવારના રોજ એચ.આર.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નવસારી દ્વારા શહેરમાં આવેલ શ્રી પ્ર.સ. કોઠારી બેહરા મૂગા વિવિધલક્ષી વિદ્યાલય (મમતા મંદિર)ની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૉલેજના સર્વે સ્ટાફમિત્રો, વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઇ.ચા. પ્રિન્સિપાલ ડૉ. એન.એ.મલેક અને એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રો.એન.એસ.માસ્ટરના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### અમૃતવન કાર્યક્રમ

ઉધના કૉલેજમાં તા. ૧૪/૮/૨૦૨૩ના રોજ 'મેરી મિટ્ટિ મેરા દેશ'' ઉજવણીના ભાગ રૂપે સામુદાયિક સેવા ધારા અંતર્ગત અમૃતવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓએ ૩૦થી વધુ છોડનું વાવેતર કરી સંભાળ રાખવાની જવાબદારી લીધી હતી. આ કાર્યક્રમનું આયોજન કૉલેજ પ્રાધ્યાપક ડૉ. ક્રીના શાહ અને પ્રા. ચિરાગ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન કરવા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીએ પ્રોત્સાહન પૂરું પાડયું હતું. સામુદાયિક સેવા ધારાના વડા પ્રા.મહેશ પટેલ અને કૉલેજ પ્રાધ્યાપક ડૉ. પરીક્ષિત ઇચ્છાપોરીયાએ કાર્યક્રમની સફળતમાં જરૂરી યોગદાન આપ્યું હતું.





### અમૃતવન કાર્યક્રમનું આયોજન

ઉધના કૉલેજમાં તા. ૧૦/૦૮/૨૦૨૩ના રોજ ગીત–સંગીત, નૃત્ય ધારા અંતર્ગત વર્ષા ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ કર્ણપ્રિય અવાજમાં ગીતો રજૂ કર્યા હતાં. આ સ્પર્ધામાં ઘોડે ધીરજ, ઉર્વી બહારે, અને સત્યમ મિશ્રાએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કરવા માર્ગદર્શન અને સહકાર આપવા બદલ કૉલેજની ગીત–સંગીત–નૃત્ય ધારાના સભ્યોએ કૉલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન કૉલેજ પ્રાધ્યાપક પ્રો. ફૈસલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજ પ્રાધ્યાપકો ડૉ.કલ્પેશ કંસારા અને ડૉ. બ્રિજેશ મહેતાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.





### Green and Smart Drive





ઉધના કૉલેજમાં BBAમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે Click Club અંતર્ગત Green and Smart Drive હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. Green and Smart office પર કૉલેજ પ્રાધ્યાપક ડૉ. રુદ્રી પુરોહિત દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. Challenges and Opportunities for Sustainable

office practice પર Group Discussionનું આયોજન કૉલેજ ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઈઝી તેક્કનાલ દ્વારા કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ માટે Prototyoes Developmentનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં કૉલેજનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઓમ મિશ્રાને તેનાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો. આ Driveનું આયોજન કૉલેજ Click Clubના સભ્યો ડૉ. હુરમઝ પટેલ, ડૉ. રુદ્રી પુરોહિત અને પ્રા. બિનાઈફર ડુમસિયા દ્વારા કૉલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત ખેલ ગોષ્ઠીમાં ભાગ લીધો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા ક્રિડા ભારતી ગુજરાતનાં સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં ખેલ ગોષ્ઠીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ઉધના કૉલેજમાં અભ્યાસ કરતાં રમત ગમતના વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાગ લીધેલ હતો. વિદ્યાર્થીઓ સાથે રમતગમતનાં વિવિધ પાસાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આચાર્ય ડૉ.મેહુલ દેસાઈએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.




## દેશભક્તિ ગીત સ્પર્ધા

ઉધના કૉલેજમાં તા. ૧૪/૦૮/૨૦૨૩ના રોજ ગીત–સંગીત, નૃત્ય ધારા તેમજ સામુદાયિક સેવા ધારા અંતર્ગત દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અને મેરી મિટ્ટી મેરા દેશ અભિયાનની ઉજવણીનાં ભાગ રૂપે રાખેલ આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ દેશભક્તિના ગીતો દ્વારા તેમની રાષ્ટ્રવાદી ભાવના રજૂ કરી હતી. ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના સહમંત્રી શ્રી કેતનભાઈ શાહે પણ ગીત પ્રસ્તુત કરી તેમની દેશભક્તિની લાગણી વ્યક્ત કરી હતી. આ સ્પર્ધામાં ઠક્કર કેવલ પ્રથમ, મિશ્ર સત્યમ અને ધોડે ધીરજ દ્વિતીય તેમજ મિશ્રા ટ્વિન્કલ તૃતીય વિજેતા જાહેર થયા હતાં આ સ્પર્ધાનું સફળ આયોજન કરવા પ્રેરણા આપવા બદલ સમિતિના સભ્યોએ કૉલેજના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈનો તેમજ માર્ગદર્શન અને સહકાર આપવા બદલ ઉપાચાર્ય (BBA) ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનો આભાર વ્યકત કર્યો હતો. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. ધવલ પંડયા અને પ્રા. ઉર્વશી મહીસુરીએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.






## પ્લેસમેન્ટ કાર્યક્રમ

ઉધના કૉલેજમાં તા. ૫/૮/૨૦૨૩ના રોજ પ્લેસમેન્ટ એન્ડ કેરિયર કાઉન્સેલિંગ સેલ હેઠળ બંધન બેંક દ્વારા પ્લેસમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૭ વિદ્યાર્થીઓને Loan Sanction Officer (LSO) અને Relationship officer (RO) તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. કૉલેજ પરિવારે પસંદગી પામેલ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કૉલેજ પ્લેસમેન્ટ ઓફિસર ડૉ. ધવલ પંડયાએ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઈઝી તેક્કનાઈલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) અને ડૉ. તેજસ ઘડિયાળીનો પ્રેરણા અને સમર્થન આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. બ્રિજેશ મહેતાનો પણ તેમણે આપેલ સતત સમર્થન બદલ આભાર વ્યકત કર્યો હતો.





## તિરંગા પદયાત્રામાં ભાગીદારી





ઉધના કૉલેજના સ્ટાફમિત્રો તેમજ વિદ્યાર્થીઓએ તા.૧૪/૮/૨૦૨૩ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ઉધના બસ ડેપોથી દક્ષેશ્વર મંદિર સુધીની હર ઘર તિરંગા પદયાત્રામાં ભાગ લીધો હતો. કૉલેજના સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓ રાષ્ટ્ર માટેના નારા અને બહાદુર સૈનિકોના જયજયકાર સાથે તિરંગા પદયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયા હતા. તિરંગા પદયાત્રાએ સામેલ લોકોમાં દેશભક્તિની ભાવના જગાડી હતી. આ પદયાત્રામાં ભાગ લેવા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ પ્રોત્સાહન આપ્યું હતું. તેમજ ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીએ જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.

## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ઉધના કૉલેજ કેમ્પસમાં તા. ૧૫/૮/૨૦૨૩ના રોજ ટ્રસ્ટના સભ્યો શાળા અને કૉલેજના કર્મચારી તેમજ વિદ્યાર્થીઓની હાજરીમાં ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ મુખ્ય મહેમાન અને ધ્વજારોહક શ્રી રોહનભાઈ દેસાઈ (ઇથર ઇન્ડસ્ટ્રીઝ)નો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટ પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલે શાળા કૉલેજના કર્મચારીઓને સંબોધિત કર્યા હતા. આ પ્રસંગે ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ પટેલ, ખજાનચી શ્રી અમૃતભાઈ પટેલ, સહ મંત્રીશ્રી નરેશભાઈ શાહ, કેતનભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી વિજયભાઈ મહેતા અને શ્રી હેતભાઈ દેસાઈ પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે તમામ ઉપસ્થિતોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગાયું હતું. મુખ્ય મહેમાન શ્રી રોહન દેસાઈએ ધ્વજારોહણ કરી શાળા–કૉલેજના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. સમગ્ર કેમ્પસમાં ત્રિરંગી ઝંડા લહેરી રહ્યા હતા અને દેશભક્તિના નારા ગૂંજી રહ્યા હતા. કાર્યક્રમના અંતે મિઠાઈ વહેંચવામાં આવી હતી.





## વકતૃત્વ સ્પર્ધા

ઉધના કૉલેજમાં સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત તા. ૨૮/૮/૨૦૨૩ના રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિષયો 'Importance of Mental Health, અને 'How to tackle bad habit' પર વિદ્યાર્થીઓએ અસરકારક રીતે વકતવ્ય રજૂ કર્યુ હતું. આ સ્પર્ધામાં રાજ પટેલ (FYBBA), મોહિત પીપળીયા (TYBCA) અને પ્રેરણા દૂબે (SYBCA), અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને

તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કૉલેજની સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાના સભ્ય પ્રા. ખ્યાતિ સોલંકી અને પ્રા. કલ્યાણી પાટીલ દ્વારા કૉલેજના આચાર્ય ડૉ.મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ધારાના સભ્યોએ ઉપાચાર્ય (BBA), ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA), ડૉ. મનિષ કાયસ્થ, કો–ઓર્ડિનેટર (BCA Afternoon), ડૉ. તેજસ ઘડિયાળી અને સર્જનાત્મક ધારાના હેડ પ્રા. સમીક્ષા ઝવેરીનો તેમણે આપેલ સહકાર અને પ્રોત્સાહન બદલ આભાર વ્યકત કર્યો હતો. કૉલેજ પ્રાધ્યાપક પ્રા. નિશા મેઘાત અને ડૉ. દિવ્યા જરીવાલાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.






**એન્ટી રેગીગ સપ્તાહમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન**

ઉધના કૉલેજ ખાતે તા. ૧૨ થી ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ દરમ્યાન એન્ટી રેગીગ સપ્તાહમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને એન્ટી રેગીગ વિશે માહિતી આપી UGC પોર્ટલ પર તેમની ઓનલાઈન એફિડેવિટ રજીસ્ટર કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કૉલેજમાં વિદ્યાર્થીઓ માટે પોસ્ટર મેકિંગ સ્પર્ધા અને સ્ટાફ માટે સ્લોગન રાઈટીગ સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૮/૮/૨૦૨૩ના રોજ સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજ એન્ટિ–રેગિંગ સ્કવોડની સ્થાપના કરવામાં આવી હતી. એન્ટી રેગીગ સ્કવોડ દ્વારા ભવ્ય માર્ચ પાસ્ટ પણ કરવામાં આવ્યું હતું. આ તમામ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કૉલેજની એન્ટી રેગીગ સમિતિ દ્વારા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





**એન્ટી રેગીગ સપ્તાહમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન**





ઉધના કૉલેજમાં તા. ૨૬/૮/૨૦૨૩નાં રોજ, ડૉ. દિવ્યા જરીવાલા, BCA વિભાગ, UK જઈ રહ્યા હોવાથી તેમના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ અને મંત્રીશ્રી કાંતિલાલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ભાણજીભાઈ પટેલે ડૉ. દિવ્યા જરીવાલાને પુષ્પગુચ્છ અને પ્રશસ્તિપત્ર અર્પણ કર્યુ હતું. કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ તેમના ભવિષ્યમાં સફળતાની શુભેચ્છા પાઠવતા સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યુ હતું. ડૉ. ડેઝી તેક્કનાલ (ઉપાચાર્ય),

ડૉ. મનિષ કાયસ્થ (ઉપાચાર્ય) અને ડૉ. તેજસ ઘડિયાળી (ઉપાચાર્ય)એ તેમનું અભિવાદન કર્યું અને કેટલીક અદ્ભુત યાદોને યાદ કરી હતી. શૈક્ષણિક સ્ટાફમાંથી પ્રા. સમીક્ષા ઝવેરી, પ્રા. ચિરાગ પટેલ, પ્રા. નિશા મેઘાત અને ડૉ. બ્રિજેશ મહેતાએ તેમની લાગણી વ્યકત કરી હતી. શ્રી પરેશ પટેલ એ વહીવટી કર્મચારીઓ વતી લાગણી રજૂ કરી હતી. અંતે ડૉ.દિવ્યા જરીવાલાએ કૉલેજમાં તેમના કાર્યકાળને યાદગાર બનાવવા બદલ ટ્રસ્ટ અને કૉલેજ પરિવારનો આભાર વ્યકત કર્યો હતો. કૉલેજ પ્રાધ્યાપક પ્રા.જીનલ પુરોહિત દ્વારા આભાર વિધિ રજૂ કરવામાં આવી હતી.

## Fresher's Fest






ઉધના કૉલેજમાં તા. ૨૫/૦૮/૨૦૨૩નાં રોજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના સ્વાગત માટે "Fresher's Fest"નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કૉલેજ કેમ્પસમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહી સંગીત અને નૃત્યની મજા માણી હતી. સંગીત અને નૃત્ય ઉપરાંત પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. Mr. Fresher રચિત રંડડ અને Miss. Fresher આંચલ યાદવને જાહેર કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમનું આયોજન કૉલેજ પ્રાધ્યાપક ડૉ. હેતલ શાહ, પ્રા. મહેશ પટેલ, પ્રા.ફૈસલ પટેલ, પ્રા. પ્રીતિ પટેલ અને પ્રા. આરતી પટેલ દ્વારા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ.તેજસ ઘડિયાળીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતામાં કૉલેજ પ્રા.ડૉ.પરીક્ષિત ઇચ્છાપોરીયાએ મહત્વનું યોગદાન આપ્યું હતું.

## રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી

ઉધના કૉલેજમાં વ્યાયામ, યોગ અને ખેલકૂદ ધારા અંતર્ગત મંગળવાર તા.૨૯/૮/૨૦૨૩ના રોજ હોકીના દિગ્ગજ મેજર ધ્યાનચંદ સિંહની જન્મજયંતીની યાદમાં રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસની શરૂઆત મેજર ધ્યાનચંદના જીવન અને સફળતા પરની એક નાની ડકયુમેન્ટરીથી થઈ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને આ દિવસ બાબતે જાગૃતિ તેમજ જીવનમાં શારીરિક પ્રવૃત્તિઓ, રમતગમત અને કુશળતાનું મહત્ત્વ સમજવવામાં આવ્યું હતું. આ તબક્કે કૉલેજમાં ૭ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સતોડિયુ, ગિલ્લી દંડા, સંગીત ખુરશી, લંગડી, ચેસ, ઉભી ખો અને દોરડા ખેંચનો સમાવેશ થયો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં મોટી સંખ્યામાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ સમગ્ર કેમ્પસમાં ચાલતી લગભગ તમામ રમતોમાં પોતાની હાજરી આપી તેમજ વિજેતા અને ઉપવિજેતાઓને ટોકન ભેટ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. પરીક્ષિત ઇચ્છાપોરીયા દ્વારા ખેલકુદ ધારાના સભ્યો અને તમામ સ્ટાફ સભ્યોના સહકાર સાથે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતામા ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો સહકાર આપવા બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.





## રાખડી બનાવવાની સ્પર્ધા

ઉધના કૉલેજ દ્વારા તા. ૨૯/૦૮/૨૦૨૩ના રોજ કલા કૌશલ્ય ધારા અંતર્ગત રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કલાત્મક કૌશલ્ય દર્શાવ્યું હતું. આ સ્પર્ધામાં જાધવ મોહિની (TYBCOM), પવાર ધનેશ્રી (TYBCOM), અને પટેલ ચાંદની (SYBCOM), એ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું સફળ આયોજન કૉલેજની કલા કૌશલ્ય ધારાના સભ્યોએ કૉલેજના આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કૉલેજના પ્રાધ્યાપક ડૉ. પર્લ ખરાસ અને ડૉ. હેતલ શાહે સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.





## Standup Comedy સ્પર્ધા

ઉધના કૉલેજ દ્વારા તા. ૨૩/૦૮/૨૦૨૩ના રોજ ગીત સંગીત, નૃત્ય ધારા અંતર્ગત Stand up comedy સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ તેમનું કૌશલ્ય રજૂ કર્યું હતું આ સ્પર્ધામાં દીપ પાટીલ (TYBCA), પ્રથમ અને સંસ્કાર દૂબે (TYBCOM), દ્વિતીય વિજેતા જાહેર થયા હતા.આ સ્પર્ધાનું સફળ આયોજન કરવા માર્ગદર્શન અને સહકાર આપવા બદલ કૉલેજની ગીત સંગીત નૃત્ય ધારાના સભ્ય પ્રા. નિશા મેઘાત અને ડૉ. તથાગત પટેલે કૉલેજના આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનો આભાર વ્યક્ત કર્યો હતો. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. સંજય પટેલ અને ડૉ. ધવલ પંડયાએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.





## શબ્દભંડોળ કવિઝ

ઉધના કૉલેજમાં પર્સોના કલબ (અંગ્રેજી વિભાગ) દ્વારા તા. ૨૩–૦૮–૨૦૨૩ના રોજ શબ્દભંડોળ કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કિવઝમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ વીણા ઉપાધ્યાય (TYBCOM), દ્વિતીય રાજ પટેલ (FYBBA) અનેતૃતીય ખુશી ઝા (SYBCOM) વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું આયોજન પર્સોના કલબના સભ્યો દ્વારા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-8-2023 to 31-8-2023

| Detail | Description | Aug.-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 577 | |
| | Internet Lab User | 92 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 4 | |
| | UG/PG Students | 3706 | |
| | Research Scholars | 24 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 2 | |
| | Online User | 0 | |
| | Total | | 4405 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| August-2023 | 820 | 737 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August -2023 | 09 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August -2023 | 07 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August -2023 | 07 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in